પરિચય

પરિચય પુસ્તિકા - ૧૨૦૫

રમણલાલ જોશી

નીતિન વડગામા



પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ (વર્ષ ૫૧)

સંપાદક : સુરેશ દલાલ



૨૨-૫-૧૯૨૬ – ૧૦-૯-૨૦૦૬...

પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ

આદ્ય સંપાદકો
વાડીલાલ ડગલી • યશવંત દોશી

રમણલાલ જોશી

નીતિન વડગામા

સંપાદક
સુરેશ દલાલ

પરિચય
પરિચય ટ્રસ્ટ
મુંબઈ

Vadgama, Nitin
Ramanlal Joshi
Parichay Trust, Mumbai
2009

[વર્ષ ૨૦૦૯ની પુસ્તિકા નં. ૫]

દસ રૂપિયા

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૯

પ્રકાશક
પરિચય ટ્રસ્ટ
મહાત્મા ગાંધી મેમૉરિયલ બિલ્ડિંગ,
નેતાજી સુભાષ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : ૨૨૮૧ ૪૦૫૯ ફેક્સ : ૨૨૦૦ ૧૩૫૮

આવરણ : રાજુ ગજ્જર

લેઆઉટ/ટાઈપસેટિંગ :
કમલ થોભાણી, **ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.**, અમદાવાદ

મુદ્રક
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઑફસેટ
આંબલી, અમદાવાદ ૩૮૦ ૦૫૮

મુખ્ય વિક્રેતા
ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.
૧૯૯-૧ ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ફોન : ૨૨૦૦ ૨૯૧, ૨૨૦૦ ૧૩૫૮
*
૧-૨, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૫૬ ૦૫૦૪, ૨૬૪૪ ૨૮૩૬

રમણલાલ જોશી

સહજ-સભર વ્યક્તિત્વ

ગુજરાતી ભાષાના સન્માન્ય સાહિત્યકાર રમણલાલ જોશી એક અગ્રણી વિવેચક, સંશોધક અને સંપાદક તરીકે સુખ્યાત છે. શબ્દના આજીવન ઉપાસક રમણલાલ સાતત્યપૂર્ણ સ્વાધ્યાયપ્રવૃત્તિ કરતા રહ્યા છે અને એમ, એમની સાહિત્યિક પ્રતિભાનો પરિચય કરાવતા રહ્યા છે.

ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના હીરપુરા ગામમાં – મોસાળમાં – તા. ૨૨-૫-૧૯૨૬ના દિવસે રમણલાલ જોશીનો જન્મ થયો. એમનાં માતાનું નામ મણિબહેન અને પિતા જેઠાલાલ. રમણલાલ માતા-પિતાનું એકમાત્ર સંતાન. એમના દાદા મિરાતરામ માહેશ્વર જોશી મહેસાણા જિલ્લાના વડનગરમાં દેશી ભણાવવાની નિશાળ ચલાવતા હતા તેમ જ પિતા પણ શિક્ષક હતા અને વિશેષ કરીને ગુજરાતી ભાષાના નિષ્ણાત ગણાતા. રમણલાલને એ રીતે, શિક્ષણ અને ભાષા-સાહિત્યનો વારસો જાણે કે ગળથૂથીમાં જ મળ્યો છે.

રમણલાલની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી પણ અત્યંત ઉજ્જ્વળ હતી. વતન વડનગરમાં પ્રાથમિક શિક્ષણ લઈને એમણે પિલવાઈમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું. અહીં વિદુષી જીવીમાસી ઉપરાંત તુલસીદાસ પટેલ, જાધવજીભાઈ સવાણી તથા રણજિત પટેલ 'અનામી' જેવા શિક્ષકોએ એમનાં ચારિત્ર્ય તથા સાહિત્ય-સંસ્કારના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. ઈ. સ. ૧૯૪૫માં

મૅટ્રિક થઈને તેઓ ૧૯૪૬માં ખેડા જિલ્લાના કરમસદ ગામે માધ્યમિક શાળામાં ગુજરાતી વિષયના શિક્ષક તરીકે જોડાયા. એકાદ વર્ષ નોકરી કરીને તેઓ વડોદરા આવ્યા અને ત્યાં કૉલેજશિક્ષણ મેળવ્યું.

વડોદરાનો કૉલેજકાળ રમણલાલની સાહિત્યિક પ્રવૃત્તિઓ માટે ફળદાયી નીવડે છે. અહીં એમને શ્રી વિજયસિંહ ચાવડા, ચંદ્રકાન્ત દેસાઈ, ઈશ્વરભાઈ પટેલ, રમણભાઈ બી. પટેલ, મોહનભાઈ શં. પટેલ વગેરે જેવા સહાધ્યાયીઓનો સંપર્ક થયો; કૉલેજના 'ગુજરાતી સાહિત્ય મંડળ'ના ઉપક્રમે યોજાતાં રહેતાં ઉમાશંકર જોશી, ઝવેરચંદ મેઘાણી, બ. ક. ઠાકોર, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી વગેરેનાં વ્યાખ્યાનોનો લાભ મળ્યો અને સુન્દરમ્ સાથે પત્રવ્યવહાર પણ આ જ અરસામાં આરંભાયો. ૧૯૫૦માં તેઓ ગુજરાતી મુખ્ય તથા સંસ્કૃત ગૌણ વિષય સાથે, બી. એ.ની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા અને તેમને રાવ બહાદુર એચ. ડી. કાંટાવાળા અને પ્રોફેસર એ. કે. ત્રિવેદી ચન્દ્રક એનાયત થયા.

રમણલાલના લેખનકાર્યનો આરંભ પણ બી. એ.ના અભ્યાસકાળ દરમિયાન જ થયો હતો. તેઓ કૉલેજના મૅગેઝિન 'પલ્લવ'માં લખતા. આ દિવસોમાં એમણે છંદોબદ્ધ કવિતાઓ અને ટૂંકી વાર્તાઓ લખેલી તેમજ સુન્દરમ્‌ના કાવ્યસંગ્રહ 'યાત્રા' વિશે અભ્યાસલેખ પણ કરેલો. 'યાત્રાની કવિતા' શીર્ષકનો ઉમાશંકરને પસંદ પડેલો એ લેખ 'સંસ્કૃતિ'ના ઑગસ્ટ ૧૯૫૩ના અંકમાં પ્રગટ થયેલો. અને એમ, 'સંસ્કૃતિ'માં થયેલા લેખના પ્રાગટ્ય

સાથે જ, રમણલાલની શબ્દસાધના ગંભીરતાપૂર્વક આરંભાઈ, બી. એ. થયા બાદ ૧૯૫૨માં થોડા સમય માટે તેઓ વડનગરના નવીન સર્વ વિદ્યાલયમાં ગુજરાતીના શિક્ષક તરીકે જોડાયેલા, એ પછી એમણે બી. એડ્. પણ કરેલું. ફરી તેઓ કરમસદની સરદાર પટેલ માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે જોડાયા અને સાથેસાથે વિદ્યાનગર જઈને એમણે ડોલરરાય માંડક પાસે એમ.એ.નો અભ્યાસ પણ કર્યો. ૧૯૫૪માં તેઓ એમ. એ.માં ઉચ્ચ દ્વિતીય વર્ગ સાથે, યુનિવર્સિટીમાં પ્રથમક્રમે ઉત્તીર્ણ થયા.

રમણલાલ જોશી ઈ. સ. ૧૯૫૪થી ૧૯૫૯ સુધી ગુજરાત યુનિવર્સિટીના ભાષા-ભવનમાં 'રિચર્સ ફેલો' તરીકે રહ્યા હતા. ૧૯૫૯થી ૧૯૬૨નાં ત્રણેક વર્ષ અમદાવાદની જી. એલ. એસ. આટ્‌ર્સ કૉલેજમાં એમણે ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કર્યું. ૧૯૬૨માં ઉમાશંકર જોશીના માર્ગદર્શન હેઠળ એમણે 'ગોવર્ધનરામ : એક અધ્યયન' વિષયના મહાનિબંધને અનુલક્ષીને ગુજરાત યુનિવર્સિટીની પીએચ. ડી.ની પદવી મેળવી અને એ જ વર્ષે તેઓ ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં વ્યાખ્યાતા તરીકે નિમણૂક પામ્યા. ૧૯૬૯માં તેઓ ગુજરાતી વિભાગમાં રીડર અને ૧૯૭૯માં પ્રોફેસર થયા. ત્યાર બાદ એમણે ભાષા-ભવનના નિયામક તરીકેની જવાબદારી પણ સંભાળેલી અને ૧૯૮૬માં તેઓ નિવૃત્ત થયા. નિવૃત્તિ બાદ પણ એમણે ગુજરાત યુનિવર્સિટીમાં 'કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ'ના ડિરેક્ટર તરીકેની કામગીરી કરેલી એ ઉપરાંત ૧૯૮૮માં તેઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી એમિરિટ્સ પ્રોફેસર તરીકે પણ પસંદ થયેલા.

અધ્યાપક તરીકેની સજ્જતા અને એમના વ્યક્તિત્વની સહજતાને કારણે રમણલાલ જોશી વ્યાપક વિદ્યાર્થીવર્ગમાં ચાહના મેળવી શક્યા હતા. સર્વશ્રી લાભશંકર ઠાકર, કુમારપાળ દેસાઈ, પ્રસાદ બ્રહ્મભટ્ટ, કિશોરસિંહ સોલંકી વગેરે જેવા એમના વિદ્યાર્થી રહી ચૂકેલા સાહિત્યકારો તેથી જ તો એમને આજેય આદરપૂર્વક યાદ કરે છે.

પ્રેમ, પ્રસન્નતા અને પારદર્શકતા એ પણ રમણલાલના વ્યક્તિત્વનાં ઊડીને આંખે વળગે એવાં ગુણ-લક્ષણો. વિશિષ્ટ ઉચ્ચારણ સાથે એમના દ્વારા સૌ કોઈને થતા 'મિત્ર'ના સંબોધનમાંથી જાણે કે સદાય મૈત્રીભાવનું ઝરણું વહેતું રહેતું. એમ કહીએ કે એમનામાં વિદ્વત્તા અને વત્સલતાનો સુયોગ થયો હતો. પાનના પણ એવા જ શોખીન. તાંબુલરસનો સ્વાદ પોતે માણે અને અન્યને પણ પ્રેમાગ્રહપૂર્વક ચખાડે. તો વળી, કશા દંભ કે ડોળ વિના પોતાના ગમા-અણગમા પ્રગટ કરે અને પોતાની વાતમાં મક્કમ પણ રહે.

રમણલાલ જોશીમાં ઊંડી વહીવટી સૂઝ-સમજ પણ હતી, પરિણામે એમણે વિવિધ સ્થાનેથી પોતાની શક્તિનો સુંદર હિસાબ આપ્યો હતો. યુનિવર્સિટીનાં વિવિધ સત્તામંડળો, જુદીજુદી યુનિવર્સિટીઓની અભ્યાસસમિતિઓ, એકેડેમિક કાઉન્સિલ, યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર્સ પસંદ કરવાની 'સર્ચ કમિટીઝ' વગેરેમાં એમણે સક્રિય યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત ૧૯૮૪થી ૧૯૮૮ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ અને ૧૯૮૬-૮૭નાં વર્ષોમાં ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ

તરીકેની જવાબદારી એમણે સંભાળી હતી તેમ જ સાહિત્ય અકાદમી-દિલ્હી તરફથી પ્રકાશિત 'એન્સાઇક્લોપીડિયા ઑફ ઇન્ડિયન લિટરેચર'ના પાંચ ભાગ તૈયાર કરવા માટે ગુજરાતી ભાષાના કન્વીનર તરીકેની મહત્ત્વની કામગીરી પણ એમને સોંપવામાં આવી હતી.

રમણલાલ જોશીને સ્વાભાવિક રીતે જ અનેક સાહિત્યકારોના સંપર્કમાં આવવાનું બનેલું. ગુલાબદાસ બ્રોકર, મનસુખલાલ ઝવેરી, હરિવલ્લભ ભાયાણી વગેરે અગ્રણી સાહિત્યકાર સાથે એમને ઘનિષ્ઠ સંબંધ હતો, તો ઉમાશંકર અને સુન્દરમ્ પ્રત્યે એમને વિશેષ પ્રેમભાવ અને આદરભાવ હતો. તેઓ પણ એ બંને સારસ્વતોના પ્રીતિપાત્ર હતા. ઉમાશંકર- સુન્દરમ્‌નાં વ્યક્તિત્વ અને કવિત્વથી પૂરા પરિચિત રમણલાલ એ ઉભય કવિઓની વિલક્ષણતાઓ અને વિભિન્નતાઓને પણ પિછાણતા હતા. ઈ. સ. ૧૯૯૧માં તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં વિઝિટિંગ ફેલો તરીકે આવેલા અને ગ્રંથકાર ઉમાશંકર જોશી વિશે વ્યાખ્યાન આપતાં એમણે જે સૂત્રાત્મક વાક્ય ઉચ્ચારેલું એ આજે ય પડઘાય છે કે, 'સુન્દરમ્ યોગ કરે છે અને ઉમાશંકર પ્ર-યોગ કરે છે.' એમના અત્યંત પ્રિય એવા એ બંને સર્જકો સાથેનો એમનો આજીવન નાતો રહ્યો છે. 'સંસ્કૃતિ' બંધ થયા પછી 'ઉદ્દેશ'રૂપે એમણે ઉમાશંકરને સાહિત્યિક તર્પણ કર્યું છે, તો સુન્દરમ્ થકી જ એ સામયિકનું 'ઉદ્દેશ' નામકરણ થયું છે, જેમાંથી એ બંને સારસ્વતો સાથેનો સૂક્ષ્મ અનુબંધ વાંચી શકાય છે.

રમણલાલ જોશી નિવૃત્તિ પછી પણ પ્રવૃત્તિપરાયણ જ રહ્યા.

એટલે અધ્યાપનકાર્યમાંથી નિવૃત્ત થયા બાદ પણ એમનું અધ્યયન-સંશોધન-સંપાદન કે વિવેચનનું કાર્ય તો ચાલતું જ રહ્યું, એ ઉપરાંત ૧૯૯૦થી એમણે 'સાહિત્ય અને જીવન - વિચારનું સામયિક' 'ઉદ્દેશ' શરૂ કર્યું હતું અને પૂરી નિસબત સાથે અંતિમ શ્વાસ સુધી અવિરત ચલાવ્યું હતું. જિંદગીભર શબ્દને સેવનારા આ સાહિત્યકારે ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ ક્ષરદેહે વિદાય લીધી અને એમ એક સહજ-સભર વ્યક્તિત્વનો વિલય થયો.

રમણલાલ જોશીના સમગ્ર જીવનકાર્ય ઉપર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે શિક્ષણ અને સાહિત્ય એ બે એમના જીવનનાં મહત્ત્વનાં કાર્યક્ષેત્ર રહ્યાં છે. એમણે શાળા-કૉલેજ અને યુનિવર્સિટીમાં એક સન્નિષ્ઠ શિક્ષક-અધ્યાપક તરીકેની ભૂમિકા ભજવી છે, તો સમાંતરે આખી જિંદગી સાહિત્યની સાધના કરી છે. આજે એમના સુપુત્ર પ્રબોધ જોશીએ ઝાયડસ-કેડિલાના એક ઉચ્ચ અધિકારી તરીકેના ઉત્તરદાયિત્વની સાથે જ, પિતાશ્રીના સાહિત્ય-સંસ્કારનો વારસો ઝીલ્યો છે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપક ગંધર્વ જોશીએ શિક્ષણનો વારસો જાળવ્યો છે.

મહત્ત્વનો મુકામ : વિવેચન

રમણલાલ જોશીએ એમના આયખાના પાંચેક દાયકા સુધી સાતત્યપૂર્વક શબ્દસાધના કરી છે અને એની ફલશ્રુતિરૂપે ગુજરાતી સાહિત્યને એમની પાસેથી બેતાળીસ જેટલાં વિવેચન, સંશોધન અને સંપાદનનાં પુસ્તકો સાંપડ્યાં છે. એમના એ પ્રકારના શબ્દકર્મમાંથી એમનું સાહિત્યિક વ્યક્તિત્વ સુપેરે પ્રગટ્યું છે. એમાંયે વિવેચક તરીકેનું એમનું પાસું વિશેષભાવે ઊપસી આવ્યું છે. એટલે

એમ પણ કહી શકાય કે વિવેચન એ રમણલાલની સાહિત્યપ્રવૃત્તિનો મહત્ત્વનો મુકામ છે. એમના વિવેચનગ્રંથ 'વિવેચનની પ્રક્રિયા'ને ૧૯૮૪માં દિલ્હી સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે અને એમના વિવેચનકાર્યની વ્યાપક સ્તરે નોંધ લેવાઈ છે. રમણલાલ જોશીએ એ રીતે, એમના વિવેચનવ્યાપારને કારણે ગુજરાતી વિવેચનના સમૃદ્ધ પટ પર પોતીકું સ્થાન સિદ્ધ કર્યું છે.

રમણલાલ જોશી જેને પોતાનો 'પ્રથમ ગણનાપાત્ર વિવેચનલેખ' ગણાવે છે એ 'યાત્રાની કવિતા'થી એમની વિવેચનયાત્રાના શ્રીગણેશ થાય છે. સુન્દરમ્‌ના કાવ્યસંગ્રહ વિશે લખાયેલો એ લેખ ઉમાશંકર 'સંસ્કૃતિ'માં પ્રગટ કરે છે એ ઘટના રમણલાલને વિવેચન કરવાનું બળ પૂરું પાડે છે. એમના વિવેચક તરીકેના વિકાસમાં ઉમાશંકર અને 'સંસ્કૃતિ'નો અવિસ્મરણીય ફાળો હોવાનું તેઓ સ્વીકારે પણ છે. પછી તો એમનું વિવેચનકાર્ય પુરજોશમાં આગળ વધે છે અને એમની પાસેથી વીસેક જેટલા વિવેચનગ્રંથો મળે છે.

'અભીપ્સા' (૧૯૬૮) એ રમણલાલ જોશીનો પ્રથમ વિવેચનસંગ્રહ છે, જેમાં મુખ્યત્વે ધર્મ અને ધર્મસાહિત્ય વિશેના લેખો ગ્રંથસ્થ થયા છે. ત્યાર બાદ એમની વિવેચનપ્રવૃત્તિના પરિણામરૂપે આપણને 'પરિમાણ' (૧૯૬૯), 'શબ્દસેતુ' (૧૯૭૦), 'પ્રત્યય' (૧૯૭૦), 'ભારતીય નવલકથા' ભાગ-૧ (૧૯૭૪), 'સમાન્તર' (૧૯૭૬), 'વિનિયોગ' (૧૯૭૭), 'ગુજરાત સાહિત્યસભા કાર્યવાહી: ૧૯૬૩' (૧૯૭૭), 'વિવેચનની પ્રક્રિયા' (૧૯૮૧), 'પ્રજ્ઞામૂર્તિ ગોવર્ધનરામ' (૧૯૮૬), 'નિષ્પત્તિ' (૧૯૮૮),

'પરિવેશ' (૧૯૮૮), 'વિવેચનની આબોહવા' (૧૯૮૯), 'નિરૂપણ' (૧૯૯૯), 'ગ્રંથનો પંથ' (૧૯૯૯) અને 'ગ્રંથની કેડીએ' (૨૦૦૩) વિવેચનસંગ્રહો મળ્યા છે. એમની પાસેથી 'સ્નેહરશ્મિ' (૧૯૯૦) અને 'સુન્દરમ્' (૧૯૯૬) વિશેની પરિચય પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ છે તેમજ સાહિત્ય અકાદમી, દિલ્હીની 'ભારતીય સાહિત્યના નિર્માતા' શ્રેણી અંતર્ગત એમણે 'Govardhanram' (૧૯૭૯) વિશે અંગ્રેજીમાં લઘુગ્રંથ આપ્યો છે, જે પછીથી હિન્દી, કન્નડ અને તમિલ ભાષામાં પણ અનૂદિત થયો છે. આ ઉપરાંત એમનો 'Variations on a theme : Essays on Gujarati Literature' (૧૯૯૩) શીર્ષકથી અંગ્રેજી ગ્રંથ પણ પ્રકાશિત થયો છે.

રમણલાલ જોશીનો વિવેચનવ્યાપાર વ્યાપક ફલક પર વિસ્તરતો રહ્યો છે. એમણે કવિતા, નવલકથા, નવલિકા, નિબંધ, પ્રવાસ, આત્મકથા, જીવનકથા – એમ લગભગ બધા જ સાહિત્યપ્રકારોનું વિવેચન કર્યું છે. એટલું જ નહીં, તેઓ વિવેચનનું વિવેચન પણ કરતા રહ્યા છે. તો વળી, વિવેચનને નિમિત્તે ગુજરાતી ઉપરાંત અન્ય ભારતીય ભાષાઓની તથા વિદેશી સાહિત્યની કૃતિઓને પણ એમણે આવકારી છે. રમણલાલે વિવેચનની એકનિષ્ઠ ઉપાસના કરી છે અને વિવેચનપ્રવૃત્તિ સાથે સતત કામ પાડ્યું છે, પરંતુ એ પણ ખરું કે, એમની પાસેથી સાહિત્યની તત્ત્વચર્ચા કરતા સૈદ્ધાન્તિક લેખો પ્રમાણમાં બહુ જ ઓછા મળે છે, મહદંશે તો સાહિત્યિક કે શૈક્ષણિક સંસ્થાઓના ઉપક્રમે અપાયેલાં વ્યાખ્યાનો, આકાશવાણીના વાર્તાલાપો, પુસ્તકોની પ્રસ્તાવનાઓ તેમ જ

પ્રવાહદર્શનના અને અવલોકનના લેખો જ વિશેષ માત્રામાં મળે છે.

વિવેચક રમણલાલ જોશી વિવેચનના શાસ્ત્રથી પણ સુપરિચિત છે. અને એટલે પ્રસંગોપાત્ત તેઓ વિવેચનના તત્ત્વ અને તંત્ર વિશેના પોતાના વિચારો પણ પ્રગટ કરતા રહ્યા છે. વિવેચન અને વિવેચક વિશેનો એમનો ખ્યાલ સ્પષ્ટ કરતાં રમણલાલ એક મુલાકાતમાં જણાવે છે કે, 'સાહિત્યાચાર્યો કવિતાને અવ્યાખ્યેય ગણે છે, પણ હું તો માનું છું કે કવિતા એ જેમાં કવિની – સર્જકની હાજરી વરતાય. એક જ રીતે હું કહેવાનું પસંદ કરું કે વિવેચન એ કે જેમાં વિવેચકની હાજરી વરતાય. જુદીજુદી કલાગત અવસ્થિતિઓના પ્રતિભાવો આપતી વિવેચકશક્તિ દ્વારા વિવેચકનો મિજાજ, એની પ્રસન્નતા, એનો ખોફ, એના છણકા, એની નારાજી-નાપસંદગી, વિરૂપતા પ્રત્યેની ચીડ – એ એક મુખ્ય આસ્વાદ્ય વસ્તુ છે.'

વિવેચનની પ્રકૃતિ અને પ્રવૃત્તિથી પૂરેપૂરા પરિચિત રમણલાલ જોશીએ વિવેચનનું વિવેચન પણ ઘણું કર્યું છે. ક્યારેક એમણે વિવેચન અંગેની શાસ્ત્રીય વિચારણા કરી છે, તો બહુધા કોઈ વિવેચકવિશેષના વિવેચનકાર્યનું વિવેચન કર્યું છે. 'વિવેચનની ઉપયોગિતા-લેખકને', 'સાહિત્યવિવેચન અને જીવનમૂલ્યોનો સંબંધ', 'કાકાસાહેબનું સાહિત્યવિવેચન', 'ગુજરાતી વિવેચનસાહિત્ય', 'નવલરામ: વિવેચક', 'ગોવર્ધનરામ: વિવેચક', 'તત્ત્વદર્શી વિવેચન', 'કૌમુદીએ ગુજરાતી વિવેચનસાહિત્યમાં આપેલો ફાળો', 'વિવેચક વિજયરાય', 'વિવેચનની પ્રક્રિયા', 'આધુનિક વિવેચન', 'ગુજરાતી વિવેચન સાહિત્ય: ૧૯૭૮-૭૯', 'સર્જન-વિવેચનના સંબંધો', 'આપણા સાહિત્યમાં વિવેચનની કોઈ આબોહવા છે ખરી?',

'નર્મદનું વિવેચનકાર્ય: ટીકાવિદ્યાનો પ્રારંભ', 'નરસિંહરાવનું વિવેચનકાર્ય', 'રસિકલાલ છો. પરીખનું વિવેચનકાર્ય', 'કવિ-વિવેચક મનસુખલાલ ઝવેરી', 'સ્નેહરશ્મિનું વિવેચનકાર્ય' વગેરે લેખો તેમજ 'અપરિચિત અ, અપરિચિત બ', 'વિવક્ષા', 'અભિક્રમ', 'નિબંધ: સ્વરૂપ અને વિકાસ' જેવા અનેક વિવેચનગ્રંથોની સમીક્ષાઓમાંથી આ વાતનો અંદાજ આવી શકે તેમ છે.

શિષ્ટ સાહિત્યના વિશાળ વાચનને લીધે રમણલાલ જોશીની પ્રશિષ્ટ રુચિનું ઘડતર થયેલું, એ કારણે એમણે ગુજરાતી અને અન્ય ભારતીય ભાષાઓના પ્રશિષ્ટ સાહિત્ય વિશે લખવાનું પસંદ કર્યું છે. એમના ઊંડા પરિશીલનના પરિપાકરૂપે 'કેટલાંક કાવ્યો ભાગ-૨', 'કવિ-વિવેચક બળવંતરાય', 'ન્હાનાલાલનો સમયસંદર્ભ', 'ન્હાનાલાલની વૃત્તબદ્ધ કવિતા', 'ન્હાનાલાલ: વિવેચક', 'સોરઠ તારાં વહેતાં પાણી', 'બેટાઈનાં ખંડકાવ્યો', 'રસિકલાલ પરીખ', 'ડૉ. ભોગીલાલ સાંડેસરા' જેવા એ પ્રકારના લેખો એમની પાસેથી ગુજરાતી વિવેચનને મળતા રહ્યા છે.

રમણલાલની વિવેચનપ્રવૃત્તિ ગુજરાતી સાહિત્ય પૂરતી સીમિત રહેવાને બદલે અન્ય ભારતીય ભાષાઓના સાહિત્ય સુધી વિસ્તરી છે, તો વિદેશી સર્જકો-વિચારકો સંદર્ભે પણ એમણે વિવેચના કરી છે. પરિણામસ્વરૂપ એમણે 'ઊજળા પડછાયા કાળી ભોંય', 'દેવદાસ', 'સ્વર્ગની નીચે મનુષ્ય', 'અર્વાચીન કન્નડ કવિતા' 'પ્રતિભાશાળી તમિલ કવિ સુબ્રહ્મણ્ય ભારતી', અગ્રણી અમેરિકન નાટ્યકાર રૉબર્ટ શરવૂડ, કવિ-વિવેચક સેસિલ ડે લુઈ, પ્રતીકવાદના પરામર્શક એડમન્ડ વિલ્સન, મૅથ્યુ આર્નલ્ડનો કાવ્યવિચાર,

અસ્તિત્વવાદના પ્રણેતા ઝ્યાં પૉલ સાર્ત્ર, અમેરિકાના મહાન કવિ રૉબર્ટ ફ્રૉસ્ટ વગેરે વિશે પણ લખ્યું છે.

રમણલાલ જોશીને શિષ્ટ સાહિત્યમાં રસ છે, તેમ સમકાલીન સાહિત્યપ્રવૃત્તિ પણ એમના રસનો વિષય રહી છે, સમકાલીન સાહિત્યના વિવેચનની હિમાયત કરતાં ઉમાશંકર જોશીએ લખ્યું છે કે, 'વિવેચક જૂના શિષ્ટ ગ્રંથોનું ઉત્તમ વિવેચન આપે એટલું જ પૂરતું નથી, એની શક્તિની કસોટી તો રચાતા આવતા સાહિત્યને તારતમ્ય બુદ્ધિએ તપાસી એની અંતર્ગત શક્યતાઓ અને સિદ્ધિઓ પોતાની ઘડાયેલી રુચિ વડે ઓળખી કાઢી એની સાચી મૂલવણી કરવામાં છે.' ઉમાશંકરની વ્યક્તિમત્તાના અંતેવાસી સમા રમણલાલ પણ, ઉમાશંકરની આ વિચારધારાને સમર્થન આપતા હોય તેમ, સરજાતા સાહિત્યના સતત સંપર્કમાં રહ્યા છે. એની ફલશ્રુતિરૂપે એમની પાસેથી આપણને સમકાલીન લેખકો અને કૃતિઓ વિશેના પ્રતિભાવો પ્રાપ્ત થઈ શક્યા છે. એટલે જ તો નવલરામ, ગોવર્ધનરામ, વિજયરાય વૈદ્ય વગેરે વિશે લખતાં રમણલાલ 'ઉપજાતિ', 'મરણોત્તર' (સુરેશ જોષી), 'સૂર્યોપનિષદ', 'સુખ નામનો પ્રદેશ' (હરીન્દ્ર દવે), 'મારા નામને દરવાજે' (લાભશંકર ઠાકર), 'અથવા' (ગુલામ મોહમ્મદ શેખ), 'ખડિંગ' (રમેશ પારેખ), 'અટકળ' (મનોજ ખંડેરિયા) કે 'સમયદ્વીપ' (ભગવતીકુમાર શર્મા) વિશે પણ મુક્ત રીતે લખે છે.


વિવેચક રમણલાલ જોશીનો ગોવર્ધનરામ કે 'સરસ્વતીચંદ્ર', સુન્દરમ્-ઉમાશંકર કે શ્રી અરવિંદ પ્રત્યેનો સ્વાભાવિક પક્ષપાત જણાઈ આવે છે. ગોવર્ધનરામ ત્રિપાઠીના જીવન અને એમના સમગ્ર સાહિત્યને

આત્મસાત્ કરનારા રમણલાલ પાસેથી ગોવર્ધનરામના સર્જક-ચિંતક વ્યક્તિત્વના કોઈ ને કોઈ કોણને ઉજાગર કરતા વિવેચનલેખો સતત મળ્યા છે. 'અભીપ્સા'થી આરંભીને 'નિરૂપણ' સુધીના એમના મોટા ભાગના વિવેચનગ્રંથોમાં કોઈને કોઈ રૂપે – રંગે આપણને ગોવર્ધનરામ સામા મળે છે. 'ગોવર્ધનરામનાં કેટલાંક આચારસૂત્રો', 'જીવનદ્રષ્ટા ગોવર્ધનરામ', 'ગોવર્ધનરામ: વિવેચક', 'આંતરજીવનનું હૃદયંગમ ચિત્ર', 'ગો. મા. ત્રિ. વિશે બ. ક. ઠા.', 'કર્તવ્યરત ગોવર્ધનરામ', 'ગોવર્ધનરામનું જીવનદર્શન', 'ગોવર્ધનરામની માનસયાત્રા', 'સરસ્વતીચંદ્ર'નું કલારહસ્ય', 'ગદ્યકવિ ગોવર્ધનરામ: 'સરસ્વતીચંદ્ર'ના સંદર્ભમાં', 'ગુણસુંદરીનું કુટુંબજાળ', 'ગોવર્ધનરામની સવાસોમી જન્મજયંતી', 'ગોવર્ધનરામનું જીવનદર્શન અને એની પ્રસ્તુતતા' વગેરે લેખોમાંથી એ વાતને સમર્થન સાંપડે છે કે વિવેચક રમણલાલે ગોવર્ધનરામના શબ્દનું સતત સેવન કર્યું છે. વળી, ગોવર્ધનરામ વિશેના આ બધા લેખો અને એમના વિશેના કેટલાક અગ્રંથસ્થ લેખો પછીથી એમણે એકસાથે 'પ્રજ્ઞામૂર્તિ ગોવર્ધનરામ' એ પુસ્તકમાં સુલભ કરી આપ્યા છે.


શ્રી સુન્દરમ્ સાથે (૧૬-૧૧-૧૯૮૪)

'સુન્દરમ્'નો છેલ્લાં વીસેક વરસથી મને ઠીકઠીક નિકટનો પરિચય છે. હું એમને અનેક વાર મળ્યો છું. અનેક પરિસ્થિતિમાં અને મિજાજમાં મેં તેમને

જોયા છે, તેમની સાથે પ્રવાસો કર્યા છે, પોંડિચેરીમાં તેમનો દૈનંદિન જીવનક્રમ પ્રત્યક્ષ જોયો છે. વાર્તાલાપો અને પત્રોમાં કેટલું બધું પ્રેરક, દ્યોતક તેમના તરફથી સતત મળતું રહ્યું છે.' – એમ કહેતા રમણલાલ જોશીને સુન્દરમ્ પ્રત્યે અપાર આદર અને અહોભાવ હતો. અને તેથી એમણે સુન્દરમ્‌ની વ્યક્તિતા અને સર્જકતા સંદર્ભે સતત લખ્યું છે. યોગ પણ એવો છે કે એમણે એમની વિવેચનપ્રવૃત્તિનો પ્રારંભ જ સુન્દરમ્‌ના કાવ્યસંગ્રહ 'યાત્રા'ની કવિતાના વિવેચનથી કર્યો અને પછી તેઓ સતત સુન્દરમ્ વિશે લખતા રહ્યા. 'વસુધાનાં ભક્તિકાવ્યો', 'યાત્રાની કવિતા', 'અહો પૃથ્વીમૈયા', 'ઇવનિંગ ઇન પૅરિસ', 'સાત્ત્વિક સારસ્વતપ્રતિભા', 'અવલોકના' : સુચારુ વ્યક્તિત્વનો આસ્વાદ', 'કાવ્યમંગલા'ની દસમી આવૃત્તિ', 'શ્રી સુન્દરમ્ઃ સ્નેહ અને સૌહાર્દનું કાવ્ય', 'સુન્દરમ્‌ની કવિતા', 'શ્રેયપ્રેયનો ગજગ્રાહ', 'સુન્દરમ્‌ની વાર્તાઓઃ સુગંધ અને સંવાદ', 'કવિની મુલાકાત', 'ગ્રંથચતુષ્ટ્યઃ સુન્દરમ્‌ની અપૂર્વ કવિતા', 'સુન્દરમ્‌ની સામાજિક વાસ્તવની અને આધ્યાત્મિક અનુભવની કવિતા', 'સુન્દરમ્ઃ તદ્ દૂરે તદ્ અંતિકે' જેવા લેખોમાંથી વિવેચકનો સુન્દરમ્ પ્રત્યેનો વિશેષભાવ વાંચી શકાય છે.



શ્રી ઉમાશંકર જોશી સાથે (૨૭-૧૦-૧૯૮૪)

સુન્દરમ્‌ની માફક ઉમાશંકર પ્રત્યેનો રમણલાલનો વિશેષ લગાવ પણ એમની પાસેથી 'ગયાં વર્ષો - રહ્યાં વર્ષો તેમાં –' 'ઉમાશંકર

જોશી', 'સંસ્કૃતિ: સંસ્કાર સંવર્ધનનું સામયિક', 'ઉમાશંકરની ચિંતનયાત્રાનો નકશો', 'ઉમાશંકરની કવિતા રશિયન ભાષામાં', 'ઉમાશંકર: ચીનમાં ચૌદ દિવસ', 'છબીઓની છબીઓ', 'વિશ્વશાંતિના કવિ ઉમાશંકર જોશી', 'ઉમાશંકરનું સાહિત્યિક પત્રકારત્વમાં પ્રદાન' જેવા અનેક લેખો અપાવે છે. એવી જ રીતે, શ્રી અરવિંદ અને શ્રી માતાજીમાં અખૂટ શ્રદ્ધા ધરાવતા રમણલાલ જોશી શ્રી અરવિંદના જીવનકાર્ય અને એ વિભૂતિમત્તાના વિચારો વિશે પણ અવારનવાર લખતા રહ્યા છે, પરિણામે આપણને 'શ્રી અરવિંદનો દેહત્યાગ', 'સાવિત્રી', 'શ્રી અરવિંદનું આર્ષદર્શન', 'શ્રી અરવિંદનું જીવનકાર્ય', 'શ્રી અરવિંદ: એક વિભૂતિ' વગેરે જેવા લેખો પ્રાપ્ત થયા છે.

રમણલાલ જોશીનાં વિવેચનાત્મક લખાણોમાં પ્રવાહદર્શન પણ થતું રહ્યું છે; જેમ કે, 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી સાહિત્યના પ્રવાહો', 'સાંપ્રત સાહિત્યપ્રવાહો', 'સ્વાતંત્ર્યોત્તર સમાલોચનાઓ', 'ઓગણીસસો સિત્તેરનું ગુજરાતી સાહિત્ય', 'ગુજરાતી સાહિત્ય: ૧૯૭૨-૭૩', 'છેલ્લા દાયકાની ગુજરાતી નવલકથા: એક દૃષ્ટિપાત', 'સ્વાતંત્ર્યોત્તર સાહિત્યના પ્રવાહો: એક ઝલક' જેવા લેખોમાં વિવિધ પ્રકારના સાહિત્યિક પ્રવાહોની ગતિવિધિનો અભ્યાસ થયો છે.

'ભારતીય નવલકથા:૧' અને 'ગુજરાત સાહિત્યસભાની કાર્યવાહી: ૧૯૬૩' એ રમણલાલ જોશીનાં સળંગસૂત્ર કહી શકાય એ પ્રકારનાં પુસ્તકો છે. પ્રથમ પુસ્તકમાં બંગાળી, ઓડિયા, અસમિયા, મરાઠી અને તેલુગુ એ પાંચ ભારતીય ભાષાઓની

નવલકથાનો વિકાસ આલેખાયો છે. તેમ જ ચૌદ બંગાળી, આઠ મરાઠી, ત્રણ ઓડિયા, એક અસમિયા અને એક તેલુગુ નવલકથાઓની વિગતે સમીક્ષા કરવામાં આવી છે. ભારતીય નવલકથાના વિકાસનો આલેખ આપવાની સાથે અહીં, પસંદ થયેલી પાંચ ભારતીય ભાષાઓની પ્રતિનિધિરૂપ નવલકથાઓનો સંતર્પક પરિચય પ્રસ્તુત ગ્રંથમાંથી મળી રહે છે. બીજું પુસ્તક ઓગણીસસો ત્રેસઠના ગ્રંથસ્થ વાઙ્મયની સમીક્ષા કરે છે. એ પુસ્તકમાં કવિતા, નાટક, નવલકથા, નિબંધ; આત્મચરિત્ર – જીવનચરિત્ર, સમાજશાસ્ત્ર-અર્થશાસ્ત્ર- કેળવણી, ધર્મ-તત્ત્વજ્ઞાન, પ્રકીર્ણ અને સાહિત્યવિવેચનનાં ૧૯૬૩માં પ્રકાશિત થયેલાં પુસ્તકોનાં સમીક્ષાત્મક લખાણો ગ્રંથસ્થ થયાં છે.

કૃતિલક્ષી વિવેચન કે ગ્રંથાવલોકન એ વિવેચક રમણલાલ જોશીનું વિશેષ ગમતું ક્ષેત્ર છે. એમના વિવેચનસંગ્રહોમાં પ્રત્યક્ષ વિવેચનના અનેક લેખો સમાવિષ્ટ થયા છે, તો 'ગ્રંથનો પંથ' અને 'ગ્રંથની કેડીએ' કેવળ અવલોકનોના જ સ્વતંત્ર સંગ્રહ છે. મૂળ તો 'રંગતરંગ' પાક્ષિકમાં 'આ પુસ્તક તમે જોયું?' એ કૉલમથી એમણે પુસ્તકોનાં અવલોકનો કરેલાં, જે પછીથી એમનાં આ બન્ને પુસ્તકોમાં ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. આ પુસ્તકોના વિવિધ લેખોમાંથી અવલોકનકાર રમણલાલનું વિશિષ્ટ વ્યક્તિત્વ ઊપસી આવે છે.

પ્રથમ છાપ તો એ પડે છે કે અવલોકનકાર રમણલાલ જોશી વ્યાપકભાવે પુસ્તકોને ચાહે છે. અને એટલે એમની પુસ્તક-પસંદગીમાં ખૂબ જ વૈવિધ્ય જોવા મળે છે. સાહિત્ય, સંગીત,

ઇતિહાસ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન કે સંસ્કૃતિચિંતન – કોઈ પણ વિષયનું પુસ્તક હોય એને લેખક અવલોકન માટે પસંદ કરે છે. એવી જ રીતે પુસ્તક નવોદિત લેખકનું હોય કે પછી સિદ્ધહસ્ત સર્જકનું હોય – અવલોકનકાર એ તમામને એકસરખો આવકાર આપે છે. એટલે જ તો એમની અવલોકનસૃષ્ટિમાં 'ગુજરાતની અસ્મિતા' (રજની વ્યાસ), 'ધર્મસિંધુ' (સં. કાનજી વાલજી ત્રિપાઠી), 'શ્રીમદ્ ભાગવતીય તત્ત્વજ્ઞાન' (ડૉ. ગીતા પ્રાણલાલ મહેતા), 'ભાવનગર રાજ્ય પ્રજાપરિષદ અને પ્રજાકીય ચળવળો' (ડૉ. મહેબૂબ દેસાઈ), 'પ્રદૂષિત પર્યાવરણ' (ડૉ. નગીન મોદી), 'વાયોલિનવાદન' (હસુ યાજ્ઞિક), 'વિજ્ઞાનકોષ' (રજની વ્યાસ), 'પુષ્કર સૂક્તિકોષ' (આચાર્ય દેવેન્દ્રમુનિ), 'મુક્તકમંજરિ' (હરિવલ્લભ ભાયાણી), 'પીછો' (બહાદુરભાઈ જ. વાંક), 'નિશ્રેના મહેલમાં' (ઉમાશંકર જોશી), 'મારી બા' (લાભશંકર ઠાકર), 'મન સાથે મૈત્રી' (બકુલ ત્રિપાઠી), 'નીરખને'(મંજુ ઝવેરી), 'ગલીને નાકેથી' (હરિકૃષ્ણ પાઠક) કે 'આઠોં જામ ખુમારી' (અમૃત ઘાયલ) જેવાં વિવિધ પ્રકારનાં પુસ્તકોનો સમાવેશ થયો છે.

રમણલાલ જોશી ગ્રંથાવલોકનની પ્રવૃત્તિ દરમિયાન કેવળ ગુણદર્શન કે દોષદર્શન કરાવવાને બદલે સહૃદયતાપૂર્વકના વાચનને પરિણામે પોતાને પ્રાપ્ત થયેલ આનંદની વહેંચણી કરે છે અને સાથેસાથે પુસ્તક વિશેના પોતાના પ્રતિભાવો પણ પાઠવે છે. ગ્રંથનું અવલોકન કરતી વખતે રમણલાલ ગ્રંથના ગુણવિશેષને ઉદ્‌ઘાટિત કરી આપે છે, જેમાંથી એમનું ગુણાનુરાગી વલણ પ્રગટે છે; અલબત્ત, ગ્રંથના ગુણપક્ષને ઉપસાવી આપતાં અવલોકનકાર યથાવકાશ

સૌમ્યભાવે ગ્રંથની મર્યાદાઓ પણ ચીંધતા રહે છે. એ રીતે બહુધા એમના દ્વારા ગ્રંથનું યથાર્થદર્શન થતું જોઈ શકાય છે.

'વિવેચ્યકૃતિ પરત્વે સાચા ઉમળકા વગર એનો આસ્વાદ શક્ય નથી.' એવું માનતા રમણલાલ જોશી કૃતિનું વિવેચન કે અવલોકન કરતી વેળાએ સ્વાભાવિક રીતે જે-તે કૃતિ પરત્વે ઉમળકો દાખવે છે. એમનાં ગ્રંથાવલોકનોમાં પણ પુસ્તક પ્રત્યેનો એમનો ઉમળકો અવારનવાર અનુભવાય છે.

ગ્રંથસમીક્ષક રમણલાલ આગવી શૈલીથી ગ્રંથનો પરિચય કરાવે છે. ટૂંકાં ટૂંકાં વાક્યો અને બોલચાલની શૈલી એ એમનાં અવલોકનોની એક નોંધપાત્ર ખાસિયત છે; જેમ કે, 'ઉમાશંકર વિશે મરણોત્તર પ્રકાશનો' સંદર્ભે વાતચીતના લય-લહેકા સાથે તેઓ આ રીતે આરંભ કરે છે – 'હવે ૨૧મી જુલાઈ આવશે, ઉમાશંકરનો એ જન્મદિન. પ્રણામ કરવા ક્યાં જઈશું? ૧૯મી ડિસેમ્બર, ૧૯૮૮ના રોજ તેમનું અવસાન થતાં ગુજરાતી પ્રજાએ એક મોટો વજ્રાઘાત અનુભવ્યો. ભારતમાં આવા મનીષીનું હોવું એ માનવજાતિને માટે મોટા સધિયારારૂપ હતું. હવે તો ઉમાશંકર અક્ષરવાસી!' અવલોકનોમાં પ્રયોજાયેલી આવી બોલચાલની શૈલીને કારણે એ લખાણો સહજ-સરળ બનીને વાચકો સુધી પહોંચે છે.

'રંગતરંગ'ની કૉલમને નિમિત્તે થયેલાં આ બધાં પુસ્તકોનાં અવલોકનો છે અને એટલે લેખક સરેરાશ વાચકવર્ગને નજર સમક્ષ રાખીને જ લખે છે. અહીં તેઓ પુસ્તકોની સૂક્ષ્મ અને સર્વગ્રાહી વિવેચના કરતા નથી, પરંતુ સામાન્ય વાચકને પુસ્તક તરફ અભિમુખ કરવા માટે એનો આસ્વાદમૂલક પરિચય આપવાનું જ ઇષ્ટ સમજે

છે. વિશેષ કરીને તો, પુસ્તકના આસ્વાદને અંતે પોતાને પ્રાપ્ત થયેલો રસાનંદ જ વાચકો સમક્ષ વહેંચવાનું તેઓ પસંદ કરે છે. કટારલેખનને નિમિત્તે રમણલાલ જોશી દ્વારા થયેલાં આ ગ્રંથાવલોકનો આખરે તો એમની વિવેચનપ્રવૃત્તિનો નોંધપાત્ર હિસ્સો બની રહે છે.

રસદર્શન, મૂલ્યાંકન અને વિશ્લેષણ એ વિવેચક રમણલાલ જોશીના નિજી ગુણવિશેષ છે. વિવેચન દરમિયાન તેઓ કૃતિવિશેષનું વિશ્લેષણાત્મક રસદર્શન કરાવતા રહે છે અને એમ કૃતિના આસ્વાદ્ય અંશોને ઉદ્‌ઘાટિત કરી આપે છે. 'પોતે વિવેચન કરે છે એવી સહેજ પણ સભાનતા વગર સાહિત્યકૃતિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને પોતે લીધેલા રસાનંદની વાત જ્યારે એક વ્યક્તિ બીજી વ્યક્તિને જણાવવા પ્રવૃત્ત થાય છે ત્યારે કશુંક કસવાળું વિવેચન એને હાથે બની આવે છે.' એવી સ્પષ્ટ સમજ ધરાવતા રમણલાલની દૃષ્ટિમાંથી સાહિત્યસૌંદર્ય છટકી જતું નથી. સાહિત્યકૃતિમાંથી નિષ્પન્ન થતા સૌંદર્યતત્ત્વનું મૂલ્ય સ્વીકારતા આ વિવેચક કૃતિના ગુણદોષના ચોકઠામાં અટવાયા વિના મોટે ભાગે તો કૃતિનાં સૌંદર્યસ્થાનોને જ ચીંધી બતાવે છે અને એમ કરતાં કરતાં કૃતિ કે કર્તાનું સમતોલ મૂલ્યાંકન કરે છે.

રમણલાલ જોશી બહુશ્રુત વિદ્વાન છે. એમણે ગુજરાતી ઉપરાંત ભારતીય સાહિત્ય અને પાશ્ચાત્ય સાહિત્યનું પણ પરિશીલન કર્યું છે, પરંતુ તેમ છતાં એમનું વિવેચન પાંડિત્યના લેશમાત્ર ભાર વિનાનું, સહજ-સરળ અને સ્પષ્ટ હોવાની છાપ પડે છે. આવશ્યક જણાય ત્યાં તુલનાત્મક અભિગમ કેળવીને તેઓ અન્ય કૃતિઓના

સંદર્ભો અવશ્ય આપે છે અન્યથા વિવેચ્ય કૃતિ ઉપર જ દૃષ્ટિ કેન્દ્રિત કરીને એનું મૂલ્યાંકન કરે છે. નિરૂપણની વિશદતા અને લખાવટની સરળતા એ એમના વિવેચનની ધ્યાનપાત્ર લાક્ષણિકતા છે.

વિવેચક રમણલાલ જોશી કર્તા કે કૃતિનું, સાહિત્યપદાર્થ કે સાહિત્યિક પ્રવાહનું સ્વસ્થ અને સમતોલ વિવેચન કરે છે. કશો જ અભિનિવેશ દાખવ્યા વિના વિવેચ્ય વસ્તુનું સમભાવપૂર્વક અને તટસ્થભાવે વિવેચન કરતા રહે છે; અલબત્ત, તેમ છતાંય રમણલાલ વિવેચનમાં જેને અનિવાર્ય ગણે છે એ 'વિવેચકની હાજરી' એમના વિવેચનમાં સતત વરતાય છે. એટલે જ્યાં અને જેટલું સ્પષ્ટપણે કહેવું જરૂરી હોય ત્યાં નિર્ભીકપણે એ અવશ્ય કહે છે; જેમ કે, વાર્તાકાર બળવંતરાય વિશેના લેખમાં વિવેચક આ મતલબનો સ્પષ્ટ અભિપ્રાય આપે છે કે, 'બળવંતરાયને વાર્તાની સૂઝ છે તેટલું કૌશલ નથી. પરિણામે આખો સંગ્રહ એક આશાની લાગણી જન્માવે છે, સંતૃપ્તિની નહીં.' આવા એમના સ્પષ્ટ વક્તૃત્વનાં અન્ય દૃષ્ટાંતો પણ એમના વિવેચનમાંથી સહજ રીતે મળી શકે તેમ છે.

રમણલાલ જોશી સાહિત્યકૃતિઓનું સૌમ્યભાવે વિવેચન કરે છે, તો સાથોસાથ કેટલાક સાહિત્યકારોની સાહિત્યપ્રવૃત્તિને સમગ્રતયા મૂલવતા અભ્યાસલેખો પણ આપે છે. 'કાકાસાહેબનું સાહિત્યવિવેચન', 'ગોવર્ધનરામનું જીવનદર્શન', 'સુન્દરમ્‌ની કવિતા' 'ન્હાનાલાલની વૃત્તબદ્ધ કવિતા', 'સુન્દરમ્‌ની સામાજિક વાસ્તવની અને આધ્યાત્મિક અનુભવની કવિતા', વગેરે એમના નોંધપાત્ર


વિવેચનલેખો છે. 'વિવેચનની પ્રક્રિયા' અને 'મેથ્યુ આર્નૉલ્ડનો કાવ્યવિચાર' જેવા સૈદ્ધાન્તિક લેખો પણ એમની અભ્યાસનિષ્ઠા અને વિવેચક તરીકેની વિશિષ્ટતાના પરિચાયક છે.

રમણલાલ જોશીના વિપુલ વિવેચનરાશિમાંથી એક સમર્થ વિવેચક તરીકેની એમની વ્યક્તિતા ઊપસી આવે છે. 'મારા વિદ્યાર્થી-દિવસોમાં મેં સભાનપણે એવું કદી વિચારેલું નહીં કે ભણીગણીને હું વિવેચક થઈશ.' એમ કહેનારા રમણલાલ જોશી, આગળ જતાં ગુજરાતી ભાષાના એક મોટા ગજાના વિવેચક સાબિત થાય છે અને એમનું માતબર વિવેચનકાર્ય ગુજરાતી વિવેચનના ઇતિહાસનું એક યાદગાર પ્રકરણ બની રહે છે.

સંશોધન અને સંપાદન

વિવેચનની સમાંતરે રમણલાલ જોશી સંશોધન અને સંપાદનની પ્રવૃત્તિ સાથે પણ સક્રિય રીતે સંકળાયેલા રહ્યા છે. પરિણામે એમની પાસેથી ડઝનેક જેટલાં સંપાદનો, ગુજરાતી ગ્રંથકાર શ્રેણીના ચારેક ડઝન જેટલા સંપાદિત લઘુગ્રંથો અને 'ગોવર્ધનરામ: એક અધ્યયન' જેવો સત્ત્વસમૃદ્ધ સંશોધનગ્રંથ સુલભ બને છે.

ગોવર્ધનરામ ત્રિપાઠીના વાઙ્મયવિશ્વના અધિકારી અને ઊંડા અભ્યાસી તરીકેની રમણલાલ જોશીની ઓળખ સર્વવિદિત છે. ગોવર્ધનરામના જીવન અને કવનને આત્મસાત્ કરીને સર્વગ્રાહી દૃષ્ટિએ એનું મૂલ્યાંકન-સંશોધન કરવાનું ભગીરથ કાર્ય એમણે કર્યું છે. ગોવર્ધનરામ વિશે પછીથી સૂક્ષ્મ સ્વાધ્યાય કરનાર રમણલાલને વિદ્યાર્થીકાળથી જ ગોવર્ધનરામનું આકર્ષણ રહ્યું હતું. કૉલેજના



મૅગેઝિન 'પલ્લવ'માં એમણે સૌપ્રથમ 'સરસ્વતીચંદ્ર' વિશે અભ્યાસનિબંધ લખેલો. એ અંગે એમની કેફિયતમાં પણ એમણે નોંધ્યું છે કે, '"પલ્લવ"માં મેં જે લેખ લખેલો તે "સરસ્વતીચંદ્ર" વિશે હતો, એ વખતે "સરસ્વતીચંદ્ર" મહાનવલ વાંચેલી અને ખૂબ ગમી ગયેલી. મારો આ લેખ એ કદાચ ગંભીર અભ્યાસનિબંધ લખવાનો પ્રથમ પ્રયત્ન હતો. બીજા પણ વિવેચનાત્મક લેખો પ્રગટ થયા પણ અભ્યાસકાળમાં પણ મેં પહેલો લેખ પણ "સરસ્વતીચંદ્ર" વિશે લખેલો એનું આશ્ચર્ય અનુભવાય છે.'

વિદ્યાર્થી અવસ્થામાં ગોવર્ધનરામની સાહિત્યસૃષ્ટિમાં થયેલો રમણલાલ જોશીનો પ્રવેશ પછી તો જાણે કે પક્ષપાતમાં પરિણમ્યો અને ઉત્તરોત્તર ગોવર્ધનરામ વિશેનો એમનો અભ્યાસ બળવત્તર બનતો ગયો. એમ. એ. થયા પછી પીએચ.ડી.ના સંશોધન માટે પણ તેમણે ગોવર્ધનરામનાં જીવન-કવન-ચિંતનને અભ્યાસવિષય બનાવ્યો.

રમણલાલ જોશીએ પીએચ.ડી.ના શોધનિબંધ માટે વિષય તરીકે ગોવર્ધનરામ ત્રિપાઠી અને માર્ગદર્શકરૂપે ઉમાશંકર જોશી

પસંદ કર્યા હતા. મહત્ત્વાકાંક્ષી વિષય અને શ્રેષ્ઠ માર્ગદર્શકની પસંદગી એ એમનું સદ્‌ભાગ્ય હતું, તેમ એમાં એમની કસોટી પણ હતી, કેમ કે એક યુગમૂર્તિ સર્જક-ચિંતક ગોવર્ધનરામ વિશે કામ કરવામાં સંશોધકની સજ્જતા જરૂરી હતી, તો સંશોધનકાર્યમાં સહેજ પણ સમાધાન ન કરનાર ઉમાશંકર પાસે કામ કરવામાં સ્વાધ્યાયની સક્રિયતા પણ એટલી જ આવશ્યક હતી. રમણલાલમાં એ બંને હતાં અને પરિણામે એ એમના સંશોધનને નિમિત્તે એક ઉત્તમ સંશોધનનો આદર્શ આપી શક્યા. એમનો પીએચ.ડી.ની પદવી માટે લખાયેલો એ શોધનિબંધ ઈ. સ. ૧૯૬૩માં 'ગોવર્ધનરામઃ એક અધ્યયન' ગ્રંથરૂપે પ્રકાશિત થાય છે.

'ગોવર્ધનરામ : એક અધ્યયન'ના આરંભમાં લેખક-સંશોધકે તત્કાલીન સાંસ્કૃતિક પરિવેશનો પરિચય આપ્યો છે. ગોવર્ધનરામના માનસબંધારણના ઘડતરકાળની આછી ઝાંખી કરાવીને એમણે એક પર્યાપ્ત ભૂમિકા રચી છે. ત્યાર બાદ સંશોધકે અનુક્રમે 'સ્નેહજીવન', 'સાક્ષરજીવન' અને 'અધ્યાત્મજીવન'ના ખંડોમાં ગોવર્ધનરામના જીવન અને સાહિત્યિક પ્રદાનની સવિગત વિચારણા કરી છે.

પ્રસ્તુત સંશોધનગ્રંથ અંતર્ગત ત્રણેક તબક્કે અપાયેલી 'જીવનકથા'માં સંશોધક રમણલાલે ગોવર્ધનરામના જન્મથી માંડીને એમની પારિવારિક પશ્ચાદ્‌ભૂ, એમનો ઉછેર અને અભ્યાસ, એમના સંકલ્પો અને સંઘર્ષો, એમની પ્રકૃતિ, વકીલાતની વ્યાવસાયિક પ્રવૃત્તિ, એમાંથી એમણે લીધેલી નિવૃત્તિ અને એમની જીવનદૃષ્ટિ, એમની શબ્દનિષ્ઠા અને એમના શબ્દકર્મની ઉપલબ્ધિ તેમ જ એમની

માંદગીની ક્ષણોથી લઈને એમના મૃત્યુ સુધીની મહત્ત્વપૂર્ણ બાબતો પર પ્રકાશ પાડ્યો છે. અને એ રીતે, ગોવર્ધનરામની સમૃદ્ધ આંતર-બાહ્ય વ્યક્તિતાને સુંદર રીતે ઉપસાવી આપી છે.

ગોવર્ધનરામની અને ગુજરાતી નવલકથા સાહિત્યની પણ એક 'શકવર્તી' કૃતિ 'સરસ્વતીચંદ્ર' વિશે રમણલાલ જોશી પાસેથી અહીં સૂક્ષ્મ, સઘન અને સર્વોશ્લેષી સ્વાધ્યાય સાંપડે એ સ્વાભાવિક છે. સંશોધક જેને 'ગોવર્ધનરામના સાક્ષરજીવનની સિદ્ધિરૂપ ગ્રંથ' ગણે છે એવી આ બૃહન્નવલ કે મહાનવલનું તેઓ ઝીણવટભર્યું પરીક્ષણ કરે છે. 'સરસ્વતીચંદ્ર'ના ચારે ભાગમાં પ્રગટ થતા ગોવર્ધનરામના સર્જન અને જીવનદર્શનની સર્વગ્રાહી સમીક્ષા કરીને સંશોધક રમણલાલ જોશી એનું ઐતિહાસિક મૂલ્ય સ્વીકારતાં એમ પણ નોંધે છે કે, 'ગોવર્ધનરામ પછી મુનશી, રમણલાલ દેસાઈ, ધૂમકેતુ, પન્નાલાલ પટેલ, 'દર્શક' આદિ નવલકથાકારોની નોંધપાત્ર કૃતિઓ આપણને મળી છે તેમ છતાં 'સરસ્વતીચંદ્ર' એની કેટલીક ક્ષતિઓ અને મર્યાદાઓ છતાં અદ્યયાવત્ અદ્વિતીય મહાનવલ રહી છે અને ગુજરાતના સર્જકોને મહાનવલ આપવા પ્રેર્યા કરતી રહી છે અને પ્રેર્યા કરશે.'

'સરસ્વતીચંદ્ર'નું સર્વતોમુખી સંશોધન કરતી વખતે સંશોધક રમણલાલ જોશી એ વિશેની પૂર્વવર્તી વિચારણાને પણ લક્ષમાં લે છે અને એ બધાંની ફેરતપાસ કરીને પોતાનાં સંશોધનમૂલક તારણો રજૂ કરે છે. 'સરસ્વતીચંદ્ર'ની સુદીર્ઘ વિચારણા બાદ રમણલાલ અહીં, ગોવર્ધનરામનાં પ્રથમ પત્ની હરિલક્ષ્મીના અવસાનને નિમિત્તે 'સંસ્કૃતમાં લખાયેલી વાર્તા 'विधिकुण्ठितम्' ૧૦૧ શ્લોકમાં થયેલી

સંસ્કૃત રચના 'हृदयरूदितशतकम्' અને ૧૧૦ કાંડમાં સ્નેહચિંતન અને મૃત્યુચિંતન પ્રગટ કરતા 'સ્નેહમુદ્રા'નું પણ મૂલ્યાંકન કરે છે. ગોવર્ધનરામની આ બધી જાણીતી કૃતિઓની સાથોસાથ સંશોધકે 'સાક્ષરજીવન' આદિ સુદીર્ઘ રચનાઓ; છૂટક કાવ્યો; 'ક્ષેમરાજ અને સાધ્વી' અને 'સરસ્વતી તથા માયા' જેવાં નાટકો; સૂની સતી' હિંદુ જીવનની કથા' જેવી વાર્તા, લેખો-વ્યાખ્યાન નિબંધો વગેરે પ્રકીર્ણ રચનાઓની મુલવણી પણ કરી છે.

'ગોવર્ધનરામ: એક અધ્યયન' આખરે તો, સંશોધક રમણલાલ જોશીની ઊંડી અધ્યયનવૃત્તિ અને સંશોધનશક્તિનો સુખદ પરિચય કરાવે છે. આ ગ્રંથ દ્વારા સંશોધકે ગોવર્ધનરામની પ્રતિભાનું સંતર્પક ચિત્ર આપવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. એમની સંશોધનશક્તિ-સૂઝ અને અભ્યાસનિષ્ઠાના સુફળરૂપે સાંપડેલો આ ગ્રંથ ગોવર્ધનરામ વિશેનો એક શ્રદ્ધેય સંદર્ભગ્રંથ પણ બની રહ્યો છે. ગોવર્ધનરામ વિશે સાંગોપાંગ થયેલા આ સ્વાધ્યાયને સ્વાભાવિક રીતે જ, સર્વશ્રી વિજયરાય વૈદ્ય, નગીનદાસ પારેખ, કાકાસાહેબ કાલેલકર, અંબાલાલ પુરાણી, ચુનીલાલ મડિયા વગેરે જેવા અનેક સારસ્વતોએ આવકાર્યો છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ એને 'નમૂનેદાર ગ્રંથ' કહીને નવાજ્યો છે.

રમણલાલ જોશીમાં સંપાદનની વૃત્તિ અને શક્તિ વિદ્યાર્થીઅવસ્થાથી જ હતી. વડોદરાના અભ્યાસકાળ દરમિયાન તેઓ કૉલેજ મૅગેઝિનનું સંપાદન કરતા હતા. પછીથી એમની કારકિર્દીના આરંભના ગાળામાં 'સંસ્કૃતિ'ના સંપાદનમાં એના તંત્રી ઉમાશંકરને પણ એમણે યત્કિંચિત્ સહયોગ આપેલો અને એ

રીતે એમને સંપાદનની શિસ્ત અંગેની સહજ તાલીમ પણ મળેલી. પછીથી રમણલાલ કેટલાંક પુસ્તકોનાં સંપાદનો કરે છે અને પોતાની સંપાદનસૂઝનો પરિચય કરાવે છે.

રમણલાલ જોશી દ્વારા 'સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃત્તાંત' અને 'કવિજીવન' (૧૯૬૬)માં ગોવર્ધનરામે લખેલું નવલરામનું ચરિત્ર અને નવલરામ લિખિત નર્મદનું ચરિત્ર સંપાદિત કરવામાં આવ્યું છે. અહીં 'કવિ નર્મદાશંકરની કવિતા' અને 'નર્મકવિતાની પ્રસ્તાવના'એ બે લેખો 'કવિજીવન'ના પૂરક તરીકે સમાવિષ્ટ કરાયા છે. આગવી વિશિષ્ટતાઓ ધરાવતાં નર્મદ અને નવલરામનાં ચરિત્રોનાં એક સાથે થયેલા આ સંપાદનમાં આરંભે વિસ્તૃત પ્રવેશક મૂકવામાં આવ્યો છે અને અંતે મિતાક્ષરી નોંધ આપવામાં આવી છે.

રમણલાલ જોશીએ ઉમાશંકર જોશી સાથે મધ્યકાલીન ગુજરાતી કવિ અખાકૃત 'અખેગીતા' (૧૯૬૭)ની સંશોધિત આવૃત્તિ સંપાદિત કરી છે. સંપાદકોએ અહીં 'અખેગીતા'ની શાસ્ત્રીય વાચના આપવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. અંતે ચાળીસ કડવાં અને દસ પદનું વિવરણ અપાયું છે. તેમ જ મહત્ત્વના શબ્દોનો કોશ પણ અપાયો છે, જે કૃતિને સમજવામાં અત્યંત ઉપકારક બની રહે છે.

'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ' (૧૯૭૧)એ રમણલાલ જોશીએ રામપ્રસાદ બક્ષી સાથે કરેલું સંપાદન છે. પ્રસ્તુત સંપાદનના પ્રારંભમાં વિદ્વત્તાપૂર્ણ પ્રવેશક મૂકવામાં આવ્યો છે, જેમાંથી પંડિતયુગના અભ્યાસી અને વિચારક ઉત્તમલાલ ત્રિવેદીના જીવન તથા સાહિત્યસર્જનનો પરિચય મળે છે. ત્યાર પછી સંપાદકોએ

વિવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા સાહિત્ય, શિક્ષણ, સમાજ, અર્થકારણ, વ્યક્તિવિશેષ વગેરે વિશેના ઉત્તમલાલના ૩૧ જેટલા લેખો સંગૃહીત કર્યા છે. આ સંપાદનમાંથી ઉત્તમલાલના ગદ્યની સાથે જ તત્કાલીન સાહિત્ય, શિક્ષણ, સમાજકારણ, રાજકારણ વગેરેના પ્રવાહોથી પણ પરિચિત થઈ શકાય છે.

'કાવ્યસંચય-૩' (૧૯૮૧) ગુજરાતી સાહિત્ય પરિષદની 'કાવ્યસંચય'શ્રેણીમાં પ્રકાશિત થયેલું રમણલાલ જોશી અને જયંત પાઠકનું સહિયારું સંપાદન છે, જેમાં સુન્દરમ્-ઉમાશંકરથી ૧૯૭૮ સુધીના કવિઓનાં પ્રતિનિધિ કાવ્યો સંપાદિત થયાં છે.

રમણલાલ જોશીએ ગુલાબદાસ બ્રોકરની ટૂંકી વાર્તાઓનું 'ફૂલ ઝરે ગુલમહોર' (૧૯૮૨) શીર્ષકથી સંપાદન કર્યું છે. બ્રોકરની વાર્તાસૃષ્ટિમાંથી સંપાદકે અહીં અઢારેક વાર્તાઓ પસંદ કરીને મૂકી છે અને આરંભે બ્રોકરની વાર્તાકલાને ઉપસાવતો લેખ પણ મૂક્યો છે. કુશળ પ્રસંગ સંકલના, સરળ સુંદર કથનરીતિ, સુરેખ પાત્રચિત્રણ, માનવમનનાં ઊંડાણોનો તાગ લેવાની વૃત્તિશક્તિ અને સ્વકીય દૃષ્ટિકોણ જેવાં બ્રોકરની વાર્તાઓનાં આકર્ષણકેન્દ્રોને ચીંધીને સંપાદક રમણલાલ, બ્રોકરને ઊંચી કક્ષાના વાર્તાકાર તરીકે ઘટાવે છે.

ગોવર્ધનરામના આજીવન અભ્યાસી રહેલા રમણલાલ જોશી પાસેથી ગોવર્ધનરામની સવાશતાબ્દી નિમિત્તે 'ગોવર્ધનપ્રતિભા' (૧૯૮૩) રૂપે એક સમૃદ્ધ સંપાદન સાંપડે છે. આ સંપાદનમાં સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ઉમાશંકર જોશી, રમણલાલ જોશી, રામપ્રસાદ બક્ષી, સુન્દરમ્, યશવંત શુક્લ, અનંતરાય રાવળ, 'દર્શક',

મનસુખલાલ ઝવેરી, ઉપેન્દ્ર છ. પંડ્યા, ધીરેન્દ્ર મહેતા, રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ, ધીરુ પરીખ, સુમન શાહ વગેરે જેવા વિદ્વાન - સાહિત્યકારોના પિસ્તાળીસ જેટલા અભ્યાસલેખો એકસાથે સુલભ બને છે. ગોવર્ધનરામના વ્યક્તિત્વ અને સાહિત્યને ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી મૂલવતા આ લેખો ગોવર્ધનરામના અભ્યાસીઓને અત્યંત ઉપયોગી બની રહે તેવા છે. મોટા ભાગના લેખો ગોવર્ધનરામના પર્યાય સમી 'સરસ્વતીચંદ્ર' નવલકથાને કેન્દ્ર કરીને લખાયા હોય એ સ્વાભાવિક છે. પરંતુ એ બધામાંથી 'સરસ્વતીચંદ્ર'માં પ્રગટ થતાં સર્જકનાં ચિતન-દર્શન-મનન, સંસારચિત્રણ અને વસ્તુસંકલન, નિરૂપણરીતિ, વર્ણનશૈલી, મનોવૈજ્ઞાનિક નિરૂપણ અને આધુનિક અભિગમ જેવાં અનેક પાસાંઓ પર પર્યાપ્ત પ્રકાશ પડે છે. ગોવર્ધનરામની બૃહન્નવલ ઉપરાંત 'સાક્ષરજીવન', 'કવિ દયારામનો અક્ષરદેહ', 'લીલાવતી જીવનકલા', ગો. મા. ત્રિ.નું કાવ્યતત્ત્વ વિવેચન વગેરે વિષયક લેખો પણ અહીં સમાવિષ્ટ છે. 'ગોવર્ધનપ્રતિભા' સંપાદનને નિમિત્તે આમ, સંપાદક રમણલાલ જોશી પાસેથી ગોવર્ધનરામનું એક સર્વતોમુખી ચિત્ર મળી રહે છે.

રમણલાલ જોશીએ 'આદર્શ કાવ્યસંચય શ્રેણી' અંતર્ગત 'અખાનાં કાવ્યો' (૧૯૮૫) અને 'સુન્દરમ્‌નાં કાવ્યો' (૧૯૯૩)નું સંપાદન કર્યું છે. 'અખાનાં કાવ્યો'માં મધ્યકાલીન કવિ અખાના 'અનુભવબિંદુ' ઉપરાંત 'ગુરુશિષ્ય સંવાદ', 'પંચીકરણ' અને 'અખેગીતા'માંથી કેટલાક અંશો તેમ જ છપ્પા અને પદો સંપાદિત થયાં છે, ઉપરાંત આરંભે મૂકેલા પ્રવેશક 'આત્માનુભવના આનંદની

કવિતા'માં અખાના જીવન અને કવનનો પરિચય અપાયો છે. સુન્દરમ્‌નાં કાવ્યોનું સંપાદન સુન્દરમ્‌ની કવિવ્યક્તિતાને સુપેરે પ્રગટાવી આપે છે. અહીં 'કડવીવાણી', 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા', 'વરદા' તથા 'મુદિતા' સંગ્રહોમાંથી સુન્દરમ્‌નાં પ્રતિનિધિ કહી શકાય તેવાં કાવ્યો સંપાદકે પસંદ કર્યાં છે અને કવિની બે-એક અગ્રંથસ્થ રચનાઓ પણ મૂકી છે. અહીં પણ આરંભમાં મૂકવામાં આવેલા 'શ્રી સુન્દરમ્ સ્નેહ અને સૌહાર્દનું કાવ્ય' તથા 'સુન્દરમ્'ની આધ્યાત્મિક કવિતા' લેખોમાંથી વ્યક્તિ અને કવિ સુન્દરમ્‌ની વિલક્ષણતાનો પરિચય મળે છે.

સુન્દરમ્, રમણલાલ જોશીના વિશેષ પ્રિય સર્જક છે. એટલે સુન્દરમ્ વિશે તેઓ સતત લખતા રહ્યા છે. સુન્દરમ્‌નાં કાવ્યોની માફક રમણલાલે 'સુન્દરમ્‌ની પ્રતિનિધિ વાર્તાઓ' (૧૯૮૯)નું સંપાદન પણ આપ્યું છે. અહીં એમણે સુન્દરમ્‌ના વાર્તાસંગ્રહ 'ગોપીથી હીરાકણી', 'પિયાસી', 'ઉન્નયન' અને 'તારિણી'માંથી પંદર વાર્તાઓ પસંદ કરી છે. આ સંપાદિત વાર્તાઓ વાર્તાકાર સુન્દરમ્‌ની શક્તિનો હિસાબ આપે છે, તો સંપાદકનો 'ગુજરાતી ટૂંકી વાર્તાનું કર્ણફૂલ' શીર્ષકનો લેખ સુન્દરમ્‌ની વાર્તાકલા પર પ્રકાશ પાડે છે. આ ઉપરાંત રમણલાલ જોશીએ સુન્દરમ્‌નાં અપ્રગટ આધ્યાત્મિક કાવ્યોનો સંગ્રહ 'ઈશ' તથા સુન્દરમ્ રચિત કૃષ્ણ-સુદામાનો પ્રવાસ 'લોકલીલા' એ બંને પુસ્તકો ભોળાભાઈ પટેલ સાથે સંપાદિત કર્યાં છે.

રમણલાલ જોશીએ 'શ્રી નારાયણકવચ'નું સંપાદન પણ કર્યું છે, જેમાં શ્રી ગણેશકવચ, શ્રી સૂર્યકવચ, શ્રી નારાયણકવચ,

શ્રી દેવીકવચ અને શ્રી શિવકવચ એ પાંચ કવચો એનાં મૂળ શ્લોક, અન્વય, અર્થ અને ટિપ્પણ સાથે આપવામાં આવ્યાં છે. તેમ જ આરંભે 'આપણું કવચ-સાહિત્ય' નામે કવચસાહિત્યનો પરિચય આપતો લેખ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત રમણલાલ દ્વારા ગોવર્ધનરામ ત્રિપાઠી લિખિત 'કવિ દયારામનો અક્ષરદેહ' તથા 'લીલાવતી જીવનકલા'નાં સંપાદનો પણ થયાં છે. એ નિમિત્તે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અંતિમ તેજસ્વી નક્ષત્ર સમા દયારામના અક્ષરદેહની ઓળખ અપાય છે તેમ જ ગોવર્ધનરામની સ્વર્ગસ્થ સુપુત્રી લીલાવતીના આંતરજીવનનું હૃદયસ્પર્શી ચિત્ર અંકાય છે.

રમણલાલ જોશીના સંપાદન હેઠળ 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી' અંતર્ગત ૪૮ જેટલા લઘુગ્રંથો પ્રગટ થયા છે એની પણ અવશ્ય નોંધ લેવી પડે. પ્રિયકાન્ત મણિયાર, ડૉ. પ્રબોધ પંડિત, જયંત ખત્રી, ન્હાનાલાલ, નર્મદ, મીરાં, દયારામ, કનૈયાલાલ મુનશી, નિરંજન ભગત, જયંતિ દલાલ, પન્નાલાલ પટેલ, ધૂમકેતુ, સુરેશ જોષી, ઉશનસ્ વગેરે જેવા મધ્યકાલીન, અર્વાચીન અને આધુનિક સાહિત્યકારો વિશેના લઘુગ્રંથો એમણે ચી. ના. પટેલ, મનસુખલાલ ઝવેરી, ગુલાબદાસ બ્રોકર, કે. કા. શાસ્ત્રી, અમૃતલાલ યાજ્ઞિક જેવા ગઈ પેઢીના વિદ્વાનોથી માંડીને દર્શના ધોળકિયા સુધીના આજના લેખકો પાસે તૈયાર કરાવ્યા છે. રમણલાલ જોશી સંપાદિત આ બધા લઘુગ્રંથો એક મૂલ્યવાન વિદ્યાકાર્ય તરીકે સારો એવો આવકાર પામ્યા છે.

રમણલાલ જોશીના સંપાદનકાર્યમાંથી એક સંપાદક તરીકેની

એમની સૂઝ અને સજ્જતાનો સહજ અનુભવ થાય છે. એમણે કેટલાંક સંપાદનો સર્વશ્રી ઉમાશંકર જોશી, રામપ્રસાદ બક્ષી, જયંત પાઠક તથા ભોળાભાઈ પટેલના સહયોગમાં કર્યાં છે, તો એમના મોટા ભાગના સંપાદનગ્રંથો સ્વકીય છે. શું અન્ય સારસ્વતો સાથે કરેલાં સંપાદનો કે શું સ્વતંત્ર રીતે એમણે પોતે કરેલાં સંપાદનો – એ બધામાં એમની સંપાદનદૃષ્ટિ અવશ્ય દેખાઈ આવે છે.

રમણલાલ જોશી સાહિત્યના વિભિન્ન યુગો અને પ્રવાહો સાથે નાતો ધરાવે છે. પરિણામે એમની પાસેથી મધ્યકાલીન કવિ અખાકૃત 'અખેગીતા' અને 'અખાનાં કાવ્યો'નું સંપાદન મળે છે, પંડિતયુગીન સાક્ષર ઉત્તમલાલ ત્રિવેદી અને ગોવર્ધનરામના સાહિત્યવિષયક સંપાદનો મળ્યાં છે, તો ગુલાબદાસ બ્રોકર અને સુન્દરમ્ જેવા ગાંધીયુગના સર્જકોની કૃતિઓનાં સંપાદનો પણ એમણે આપ્યાં છે.

સર્જકસહજ સંવેદનશીલતા અને સહૃદયતા રમણલાલ જોશીને ઉત્તમ સાહિત્યકૃતિનું સંપાદન કરવા પ્રેરે છે, તો કૃતિની ઉત્તમતાને પારખવાની એમની દૃષ્ટિ અને ચયનશક્તિ એ સંપાદનોને નક્કર ભોંય પૂરી પાડે છે. રમણલાલ જોશી દ્વારા આમ, વિવેચન-સંશોધનની સમાંતરે સંપાદનની પ્રવૃત્તિ પણ સતત થતી રહી છે અને એમાંથી એક દૃષ્ટિસંપન્ન સંપાદક તરીકેની એમની છબિ ઊપસે છે.

રેખાચિત્ર અને નિબંધ

રમણલાલ જોશીએ મુખ્યત્વે વિવેચન-સંશોધન અને સંપાદનક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે, તો સાથોસાથ એમણે

સંખ્યાબંધ સાહિત્યકારોનાં રેખાચિત્રો દોર્યાં છે અને કેટલાક વિચારપ્રેરક નિબંધો પણ લખ્યા છે. એમનાં 'શબ્દલોકના યાત્રીઓ' ભાગ: ૧-૨ (૧૯૮૩) તથા 'અક્ષરના આરાધકો' ભાગ: ૧-૨ (૧૯૯૮) એ ચાર પુસ્તકોમાં ૨૫૬ જેટલા સાહિત્યકારોનાં રેખાચિત્રો ગ્રંથસ્થ થયાં છે. આ રેખાચિત્રો મૂળ તો 'ફૂલછાબ' દૈનિકની 'શબ્દલોકના યાત્રીઓ' નામની એમની કૉલમમાં પ્રસિદ્ધ થયેલાં.

રમણલાલ જોશી એક બાજુ પંડિત સુખલાલજી, કાકાસાહેબ કાલેલકર, વિષ્ણુપ્રસાદ ત્રવેદી, ચન્દ્રવદન મહેતા, જ્યોતીન્દ્ર દવે, કિશનસિંહ ચાવડા, કે. કા. શાસ્ત્રી, મનસુખલાલ ઝવેરી, અનંતરાય રાવળ, પન્નાલાલ પટેલ, હરિવલ્લભ ભાયાણી, મકરન્દ દવે, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, સુરેશ જોષી, આદિલ મન્સૂરી, રમેશ પારેખ, મનોજ ખંડેરિયા, વીનેશ અંતાણી વગેરે જેવા પ્રસિદ્ધ કે પ્રતિષ્ઠિત સાક્ષરોનાં રેખાચિત્રો દોરે છે, બીજી બાજુ જયેન્દ્ર શેખડીવાળા, યોગેશ જોષી, હર્ષદ ત્રિવેદી, એસ. એસ. રાહી જેવા યુવા સર્જકોને આવકારે છે, તો સાથોસાથ વીણા ઉપાધ્યાય, જે. આર. જોશી, દિનેશ શાહ, જયંત શુક્લ જેવા અલ્પખ્યાત લેખકોને પણ એમની કૉલમમાં સ્થાન આપે છે.

સાહિત્યકારોનાં શબ્દાંકનો કરતી વખતે રમણલાલ જે-તે સાહિત્યકારોનાં જન્મ, ઉછેર, અભ્યાસ, વ્યવસાય, સાહિત્યના ઘડતર પાછળનાં પરિબળો અને સમગ્રલક્ષી સાહિત્યિક પ્રદાનની રસળતી શૈલીમાં નોંધ લે છે. એ રીતે લેખક અહીં, સાહિત્યકારોના જીવનની વિગતો અને એમની સાહિત્યકૃતિઓની માહિતી આપતાં

આપતાં એ સાહિત્યકારની મહત્ત્વની ખાસિયતોને પણ રેખાંકિત કરી આપે છે. ટૂંકમાં, પરંતુ સાહિત્યકારની વ્યક્તિતા પૂરેપૂરી ઊપસી આવે એ રીતે તેઓ એનું આબાદ આલેખન કરી જાણે છે; જેમ કે, ચરિત્ર-નિબંધની કોટિએ પહોંચતા 'ઉમાશંકર જોશી'ના રેખાચિત્રમાં રમણલાલ લખે છે, 'હંમેશાં એ જ તાજગી, ચૈતન્ય-ઉન્મેષ અને બૌદ્ધિક ચમક વરતાય. એ જ સ્વસ્થતા અને સૌષ્ઠવ, દેશહિતની સતત ચિંતા, માનવીય ગૌરવની હિમાયત, સાહિત્યાદિ કળાઓમાં અતૂટ શ્રદ્ધા– સૌથી વિશેષ 'મનુષ્ય'માં તેમને રસ, મનુષ્ય પ્રત્યે સાચી સમસંવેદના અને છતાં મનુષ્યને યથાર્થ રીતે પારખવાની સહજ સૂઝ. ''માણસ''માં કેટકેટલું ભર્યું છે તે તેઓ રજેરજ જાણે છે. અને છતાં મનુષ્યને તે ચાહે છે. માનવતાનો પરિમલ એમની વાણીમાં સતત ફોર્યા કરે છે. ભાવના અને યથાર્થ એકાકાર થઈ જાય છે.'

આ રેખાચિત્રો બોલચાલની સહજ-સરળ શૈલીને કારણે વિશેષ આસ્વાદ્ય બન્યાં છે. રામપ્રસાદ બક્ષીના શબ્દચિત્રનો ઉઘાડ કેવો વાતચીતની શૈલીથી થયો છે તે જુઓ, 'અત્યારે તમારે પંડિતયુગના સાક્ષરને મળવું છે ? તો મુંબઈ જાઓ ત્યારે શ્રી રામપ્રસાદ બક્ષીને મળવાનું ચૂકશો નહીં. પંડિતયુગના પ્રચંડ મનોઘટનાશાળી સાક્ષરો કેવા હશે એનો તમને કંઈક ખ્યાલ મળશે.' એવી જ રીતે, બકુલ ત્રિપાઠીના રેખાચિત્રનો આરંભ આ રીતે થાય છે, 'શ્રી બકુલ ત્રિપાઠીને કોણ ઓળખતું નથી ? તમે કોઈ પણ દૈનિક કે સામયિક ઉઘાડો, બકુલ ત્રિપાઠી હાજર જ હોય! છેલ્લાં પચીસ વર્ષથી તે આપણી પ્રજાકીય ખાસિયતો, રાજકારણી આટાપાટા, સામાજિક

વિલક્ષણતાઓ અને પ્રશ્નોને ધારદાર રીતે રજૂ કરતા રહ્યા છે.'

રમણલાલ જોશીની કલમે અંકાયેલાં આ રેખાચિત્રો વાતચીતની લહેકાયુક્ત શૈલીને કારણે વધુ આકર્ષે છે, તો સીધી ગતિ કરતાં ટૂંકાં ટૂંકાં વાક્યો પણ એનું આકર્ષણકેન્દ્ર બને છે. એવી આકર્ષક અને અસરકારક વાક્યછટાનું એકાદ દૃષ્ટાંત જુઓ, 'થોડા સમય પહેલાં કપૂરાથી અમદાવાદ જતાં વચ્ચે વ્યારા આવ્યું. વ્યારા તો દક્ષાબહેનનું ગામ. ગાડી થોભાવી. યથાર્થ રીતે 'અતિથિ' થયો. તે 'ઉદ્દેશ'નાં ચાહક. તેમની સાહિત્યપ્રીતિ અનર્ગલ.'

સાહિત્યકારોનો માર્મિક પરિચય કરાવતાં રમણલાલનાં રેખાચિત્રો આમ, એની વિશિષ્ટ અભિવ્યક્તિને કારણે વિશેષ આસ્વાદક્ષમ બની શક્યાં છે. એ રેખાચિત્રો વાચકોને સાહિત્યકાર સન્મુખ મૂકી આપે છે, તો રેખાચિત્રોના એ ગ્રંથો સાહિત્યના જિજ્ઞાસુઓ, પત્રકારો અને અભ્યાસીઓને સંદર્ભગ્રંથ તરીકે પણ ઉપયોગી નીવડે તેવા છે.

'આદિવચન' (૧૯૯૫)એ રમણલાલ જોશીનાં ટૂંકા નિબંધાત્મક લખાણોનો સંગ્રહ છે. બે-ત્રણ અપવાદરૂપ લખાણોને બાદ કરતાં ૧૯૯૦થી ૧૯૯૫ સુધીના પાંચ વર્ષના 'ઉદ્દેશ'ના પહેલા પાને તંત્રીસ્થાનેથી લખાયેલા લઘુનિબંધો અહીં ગ્રંથસ્થ થયા છે. 'વિભૂતિવંદના', 'અધ્યાત્મ-જીવન- સાધના', 'સાહિત્ય-કેળવણી', 'સમાજ-લોકશાહી-સાંપ્રત- પરિસ્થિતિ' અને 'પ્રકૃતિ-ભાવનાસ્પંદ' જેવા પાંચેક વિભાગોમાં એ નિબંધોને વર્ગીકૃત કરાયા છે. લેખક 'ઉદ્દેશ'ના પ્રથમ અંકથી જ સાહિત્ય ઉપરાંત શિક્ષણ-કેળવણી, સામાજિક સ્થિતિ-ગતિ અને સાંપ્રત પરિસ્થિતિ, ધર્મ-

અધ્યાત્મ, પ્રેમ-પ્રકૃતિ કે કોઈ ને કોઈ વિભૂતિને વિશે ટૂંકી અને માર્મિક નોંધ કરતા રહ્યા છે. આ પુસ્તકમાં પણ એમ, એ બધાંનું વિષય પ્રમાણે વર્ગીકરણ થયું છે.

'આદિવચન'માં એ રીતે, શ્રીકૃષ્ણ, સુરદાસ, ગાંધીજી કે શ્રી અરવિંદ જેવી વિભૂતિઓનાં વ્યક્તિત્વ કે વિચારોનો ઇષત્ પરિચય અપાયો છે; શ્રદ્ધા, સાધના, સમય, સહિષ્ણુતા કે સંબોધિ જેવા મુદ્દે વિમર્શ થયો છે, સાહિત્યનાં પ્રયોજનોની નોંધ લેવાની સાથે આજના સમયમાં સાહિત્યક્ષેત્રે થતા પ્રપંચો વિશે ટકોર થઈ છે; સાંપ્રતકાલીન શાસનવ્યવસ્થા અને એની વિષમતા કે આજના માણસની દાંભિકતા અને કૃતકતાને તાકવામાં આવી છે કે પછી પ્રેમ, પ્રકૃતિ, સ્મૃતિ કે મૈત્રીને નિમિત્તે કશુંક કહેવાયું છે. આ બધાં લખાણોમાંથી લેખકની વિચારસૃષ્ટિ કેટલી વ્યાપક છે એનો પણ અંદાજ આવે છે.

રમણલાલ જોશીના શૈલીવિશેષરૂપે એમના નિબંધોમાં પણ સહજતાનો અનુભવ થાય છે. તાત્ત્વિક ભૂમિકાએ વાત કરતી વખતે પણ લેખક એવી તો સહજ-સરળ રીતે મુદ્દો મૂકે છે કે એમાં વિચારનો ભાર વરતાતો નથી. તાત્ત્વિક વિચારની સાહજિક અભિવ્યક્તિનું એકાદ ઉદાહરણ જુઓ, 'ઘણી વાર ફોન કરું છું ત્યારે સરેરાશ જવાબ મળે છે: ''બહાર ગયા છે.'' ''બહાર'' રહેવું એ કદાચ યુગલક્ષણ છે. માણસ થોડું પણ ''અંદર'' રહેતો થાય તો દુનિયાની ઘણી સમસ્યાઓ ઊકલી જાય.' રોજિંદી વાતચીતનું અવલંબન લઈને લેખક અહીં કેવો તો વિચારનો તણખો મૂકી દે છે!

'આદિવચન'નાં આ ટૂંકાં નિબંધાત્મક લખાણો આમ ભલે 'ઉદ્દેશ'ના તંત્રીસ્થાનેથી નૈમિત્તિક રીતે લખાયાં હોય, પરંતુ એ કેવળ પ્રાસંગિક કે સમસામયિક બનીને જ અટકી જતાં નથી. એમાં પ્રગટ થતી સામાજિક નિસબતનું ચિરસ્થાયી મૂલ્ય છે, તો એમાંથી પ્રગટતું ચિંતન પણ ચિરંતન બની રહે છે. 'બહુ કપરા કાળમાં જીવી રહ્યા છીએ આપણે. સમાજજીવનની રફતાર ચાલ્યા કરે છે. બૉમ્બધડાકા થાય છે, કેટલાંય માણસો મરી જાય છે, સંબંધિત પ્રધાનો જાતમાહિતી મેળવવા સ્થળ ઉપર દોડી જાય છે અને એના ફોટા-અહેવાલો છાપાંમાં, આકાશવાણી અને દૂરદર્શન ઉપર આવે છે! આંતરેદિવસે ફોસલાવનારાં ગળ્યાં ગળ્યાં નિવેદનો પ્રગટ થાય છે!' જેવી ટકોર સાથે, પ્રજાને ઉદાસીનતા ખંખેરીને જાગ્રત થવા માટે લેખકે આપેલી ઠાવકી શિખામણ કાયમી ધોરણે સૌએ અંકે કરવા જેવી છે.

આ નિબંધોમાંથી નિબંધકાર રમણલાલનું બહુશ્રુત વ્યક્તિત્વ પણ નીખરી ઊઠે છે. નિબંધના વિષય સાથે વેદ-ઉપનિષદ-પુરાણ, કાલિદાસ-ભવભૂતિ, શ્રી અરવિંદ, રવીન્દ્રનાથ, ગાંધીજી, નરસિંહરાવ, ન્હાનાલાલ, તુલસીદાસ, સુરદાસ, જ્ઞાનદેવ, વર્ડ્ઝવર્થ, સ્ટીફન સ્પેન્ડર કે ગોલ્ડસ્મિથ વગેરેના સંદર્ભો સહજ રીતે જ વણાતા રહે છે. આવી સંદર્ભસૃષ્ટિમાંથી લેખકના વ્યાપક વાચન-મનનનો પરિચય થાય છે, તો વળી એને લીધે નિબંધમાં વ્યક્ત થયેલા વિચારને મૂર્તરૂપ પણ મળે છે. રમણલાલ જોશી પાસેથી મળતાં સારસ્વતોનાં રેખાચિત્રો અને વિચારપ્રધાન ટૂંકા નિબંધો એમના વ્યક્તિત્વના એક જુદા જ પાસાને ઉજાગર કરે છે.

સાહિત્યિક પત્રકારત્વ

ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વના ઇતિહાસમાં પણ રમણલાલ જોશીનું સીમાચિહ્નરૂપ સ્થાન છે. વિવિધ વર્તમાનપત્રોમાં એમણે વર્ષો સુધી લખ્યું છે. કટારલેખનને નિમિત્તે એમણે ગ્રંથાવલોકનની નોંધપાત્ર કામગીરી કરી છે અને સાંપ્રત સાહિત્યિક ગતિવિધિનો પરિચય પણ કરાવ્યો છે.

સૌપ્રથમ રાણપુરથી પ્રગટ થતા 'જીવનપ્રકાશ'ના તંત્રી મોહનલાલ દવે રમણલાલને એ માસિકમાં અવલોકનનો વિભાગ 'કિતાબ અને કસોટી' સોંપે છે અને એમાં થોડાં વર્ષો સુધી તેઓ નિયમિત રીતે ગ્રંથાવલોકન કરે છે. ત્યાર બાદ ૧૯૭૪થી કેટલાંક વર્તમાનપત્રોમાં અને સામયિકોમાં એમને સતત સાહિત્યની કૉલમ લખવાનું બનતું રહ્યું. ડિસેમ્બર ૧૯૭૪થી ૨૦૦૬ સુધી રમણલાલે 'જનસત્તા-લોકસત્તા' દૈનિકમાં 'અક્ષરની આબોહવા' મથાળા હેઠળ લખ્યું હતું અને એ સમયગાળામાં ૧૯૭૫થી ૧૯૮૫ના દાયકા દરમિયાન – એ જ દૈનિકમાં તેઓ 'શબ્દ-પ્રતિશબ્દ' શીર્ષકથી પણ લખતા રહેલા. ૧૯૮૩થી ૧૯૮૮નાં વર્ષોમાં 'જન્મભૂમિ પ્રવાસી'માં તથા ૧૯૮૮થી ૨૦૦૫ સુધી 'સમભાવ'માં એમણે 'વેરાનમાં અમીછાંટણાં' કૉલમ લખેલી, તો વળી ૧૯૯૭થી ત્રણેક વર્ષ સુધી તેઓ 'જન્મભૂમિ'માં 'સાહિત્યસંવેદના' કૉલમરૂપે લખતા રહેલા.

વિવિધ વર્તમાનપત્રોમાં લખાયેલી કટારોમાં રમણલાલ સર્જાતા સાહિત્ય કે પછી કશીક પ્રાસંગિક સાહિત્યિક ઘટનાઓ પર પ્રકાશ પાડતા રહ્યા હતા. સમાંતરે કોઈ સાહિત્યકાર વિશે કે પછી

સાહિત્યકૃતિ વિશે પણ એમણે લખ્યું હતું. દૈનિક પત્રોના સરેરાશ વાચકો માટે લખતા હોવાને કારણે લેખક રમણલાલ લેખોની શૈલી અને શીર્ષકો પ્રત્યે પણ પૂરા સજાગ હતા. એટલે એમણે સહજ-સરળ શૈલીમાં આ પ્રકારનાં લખાણો કર્યાં અને લોકોને આકર્ષે એવાં શીર્ષકો આપવાનું પસંદ કર્યું; જેમ કે, 'કૅસેટ યુગમાં પ્રવેશતી કવિતા', 'કૃષ્ણલાલ શ્રીધરાણીનાં ૭૫ વર્ષ', 'મિલ્ટનનું મહાકાવ્ય 'પૅરેડાઇઝ લૉસ્ટ' ગુજરાતી ભાષામાં' વગેરે જેવાં એમના લેખનાં શીર્ષકો સીધાં વાચકોના આકર્ષણનું કેન્દ્ર બને છે.

રમણલાલ જોશીની સાહિત્યિક કૉલમ વ્યાપક ફલક પર વિસ્તરી છે. એમાં એમણે ગુજરાતી સાહિત્ય ઉપરાંત અન્ય ભારતીય ભાષાઓના સાહિત્યસંદર્ભે કે પછી પશ્ચિમના સાહિત્યકારો કે સાહિત્યકૃતિઓને નિમિત્તે લખ્યું છે, તો ગઈ કાલના સાહિત્યની સાથોસાથ અર્વાચીન કે આધુનિક સાહિત્ય વિશે લખવાનું પણ એમણે પસંદ કર્યું છે. પરિણામસ્વરૂપ નરસિંહ, મીરાં, અખો કે દયારામ, ઉમાશંકર, સુન્દરમ્, મેઘાણી, શ્રીધરાણી કે સુરેશ જોષી, રાવજી પટેલ કે રમેશ પારેખ, મૈત્રેયીદેવી કે યશપાલ, મિલ્ટન કે હેમિંગ્વે– એ બધાં વિશે તેઓ લખતા રહ્યા છે. સાહિત્યપદાર્થને અનુલક્ષીને થયેલું એમનું આ પ્રકારનું લેખન લોકોને સાહિત્ય સુધી અને સાહિત્યને લોકો સુધી પહોંચાડવાનું મહત્ત્વનું માધ્યમ બની રહ્યું છે.

રમણલાલ જોશીના કટારલેખનમાં જેની વિશેષ નોંધ લેવી પડે તે છે 'શબ્દલોકના યાત્રીઓ'. ૧૯૮૦થી ૧૯૮૩ સુધી અને ત્યાર બાદ પણ એકાદ દાયકા દરમિયાન 'ફૂલછાબ'માં ચાલેલી

એમની એ કૉલમ ખૂબ જ લોકચાહના પામેલી. 'શબ્દલોકના યાત્રીઓ' અંતર્ગત લેખકે ગુજરાતી સાહિત્યકારોનાં ટૂંકાં ટૂંકાં રેખાચિત્રો આપ્યાં છે. જે-તે સારસ્વતનાં જન્મ-ઉછેર-અભ્યાસ-વ્યવસાય અને સાહિત્યસેવાની નોંધ લઈને લેખકે અહીં, વર્તમાનપત્રોના વાચકોને ધ્યાનમાં રાખીને શબ્દસાધકોનો આગવી શૈલીમાં પરિચય આપ્યો છે. જનસામાન્યને નજર સમક્ષ રાખીને અંકાયેલાં સાહિત્યકારોનાં આ શબ્દચિત્રો એની સહજ-સરળ શૈલીને કારણે ખૂબ જ લોકભોગ્ય બન્યાં હતાં. અઢીસોથી પણ વધુ સાહિત્યકારોના એવા પરિચય-આલેખો પછીથી 'શબ્દલોકના યાત્રીઓ' ભાગ-૧-૨ અને 'અક્ષરના આરાધકો'ના બે ભાગમાં ગ્રંથસ્થ પણ થયા છે.


રમણલાલે 'શબ્દલોકના યાત્રીઓ' કટારથી વાચકોને સાહિત્યકારોનો પરિચય કરાવ્યો છે, તો 'આ પુસ્તક તમે જોયું ?' કૉલમ દ્વારા એમણે વિવિધ સાહિત્યકૃતિઓની ઓળખ આપી છે. 'રંગતરંગ' પાક્ષિકમાં ૧૯૮૯થી ૧૯૯૭નાં વર્ષોમાં એમણે એ કૉલમના માધ્યમથી કોઈ ને કોઈ પુસ્તક વિશે લખ્યું હતું. ઉમાશંકરના સૂચનથી રમણલાલે નવાં પુસ્તકોનો ટૂંકો પરિચય આપવાનું સ્વીકારેલું અને એ કાર્ય સાડા સાતેક વર્ષ સુધી વણથંભ્યું ચાલ્યું હતું. અહીં પણ લેખક પુસ્તક પરિચય આપતી વખતે વિવેચનાત્મક પરિભાષાઓના સહેજ પણ ભાર વિના પુસ્તકની સહજ ઝાંખી કરાવે છે, જે વાચકોને સીધી સ્પર્શે છે. વળી, સાહિત્ય ઉપરાંત સંગીત, ઇતિહાસ, વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાન જેવાં વિવિધ ક્ષેત્રોનાં પુસ્તકોને પણ લેખક પસંદ કરે છે, જેમાં ભિન્ન ભિન્ન રુચિઓના

લોકોને રસ પડે છે. રમણલાલ જોશીની આવી સાહિત્યિક પત્રકારત્વના ક્ષેત્રની સુદીર્ઘ કામગીરીની નોંધ પણ અવશ્ય લેવી પડે તેવી છે.

ઉત્તમ ઉપલબ્ધિ: 'ઉદ્દેશ'

રમણલાલ જોશીએ જુદાં જુદાં વર્તમાનપત્રોમાં નિયમિત રીતે કૉલમ લખી છે, તો 'ઉદ્દેશ' માસિક ચલાવીને પણ સાહિત્યિક પત્રકારત્વક્ષેત્રે મૂલ્યવાન યોગદાન આપ્યું છે. સાહિત્યના સામયિકનું પ્રકાશન કરવું કપરું છે એ જાણવા છતાં પણ એમણે વ્યાવસાયિક નિવૃત્તિ બાદ 'ઉદ્દેશ'રૂપે એક સામયિક શરૂ કરવાનો પડકાર ઝીલ્યો હતો. તમામ પ્રકારની મુશ્કેલીઓનો મુકાબલો કરવાની તૈયારી સાથે પૂરા આત્મવિશ્વાસપૂર્વક એમણે જબરું સાહસ કર્યું હતું અને એમાં એ પાર પણ ઊતર્યા હતા.

'ઉદ્દેશ'નો પ્રથમ અંક ઈ. સ.૧૯૯૦ની પંદરમી ઑગસ્ટે પ્રગટ થયો. ઉમાશંકરના 'સંસ્કૃતિ'ના આદર્શને મૂર્ત કરવા મથતા આ સામયિકનું નામકરણ સુન્દરમે કર્યું અને એનો મુદ્રાલેખ રહ્યો – 'સર્વભાષા સરસ્વતી'



'ઉદ્દેશ'ના પ્રથમ અંકના તંત્રીલેખમાં રમણલાલે 'ઉદ્દેશ' નામકરણ અને પસંદ કરેલા મુદ્રાલેખ વિશે લખ્યું છે કે, 'છેવટે આવીને ઊભા રહીએ છીએ આપણે સાહિત્ય આદિ કળાઓ આગળ, શબ્દ વગર કોઈ ઉગારો નથી. આ શબ્દ તે કવિ-મનીષી-ચિંતકનો શબ્દ છે. પછી એ કોઈ પણ ભાષામાં લખતા હોય.

ઉમાશંકર કહેતા કે ભારતની બધી ભાષા એ ભારતીય ભાષાઓ છે અને ગમે તે ભાષામાં લખનારો લેખક ભારતીય લેખક જ છે. આ સંદર્ભમાં બારમી સદીમાં થઈ ગયેલા કર્ણાટકના નાગવર્માનો એક શ્લોક ઘણાં વર્ષોથી ગમે છે :

સર્વજ્ઞં તદ્ અહમ્ વન્દે
પરમજ્યોતિઃ તમોપહમ્ ।
પ્રાવૃત્ત યન્મુખાત્ દેવી
સર્વભાષા સરસ્વતી ॥

આ જ છે ઉદ્દેશ. 'ઉદ્દેશ'નો એક અર્થ ટૂંકું વક્તવ્ય – કથન– દિગ્દર્શન પણ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે: એષ તૂદ્દેશતઃ પ્રોક્તો વિભૂતેર્વિસ્તરો મયા – મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી; આ મેં જે વિસ્તાર તને કહ્યો તે તો ઉદ્દેશતઃ દિગ્દર્શન – સંક્ષેપમાત્ર છે. 'શાકુન્તલ'માં કાલિદાસ એને સ્થાનના અર્થમાં પણ પ્રયોજે છે: અહો પ્રવાતસુભગોયમુદ્દેશઃ-અહો, વાયુલહરીઓને લીધે આ સ્થાન કેવું મજાનું છે! બંને અર્થમાં આ ઉપક્રમ...'

રમણલાલ જોશીએ આવા શુભાશયથી 'ઉદ્દેશ' શરૂ કર્યું. એટલું જ નહીં પણ ઉત્તરોત્તર એનું જીવની જેમ જતન પણ કર્યું. આયખાના આઠ દાયકા પૂરા કરી ચૂકેલા રમણલાલે 'ઉદ્દેશ' માટે આર્થિક વ્યવસ્થા કરવા ઉપરાંત પ્રૂફ જોવાથી માંડીને તંત્રીલેખ લખવા સુધીની તમામ જવાબદારીઓ છેક સુધી પોતે જ નિભાવેલી.

તંત્રી તરીકે રમણલાલ જોશી પૂરા જાગ્રત હતા, તેમ ખુલ્લા મનના હતા. કોઈ વાદ કે વાડામાં બંધાવાને બદલે એમણે 'ઉદ્દેશ'ના મંચ પર સૌ કોઈને આવકાર્યા છે, એટલું જ નહીં, 'ઉદ્દેશ'ને સમૃદ્ધ

કરવા માટે લેખકોને નિમંત્રણ પાઠવીને લખાંવ્યું પણ છે. વળી, 'ઉદ્દેશ'માં એમણે સુખ્યાત કે અલ્પખ્યાત કલમોને કે પછી જૂની અને નવી પ્રતિભાઓને એકસાથે મૂકી આપી છે. એટલે જ તો 'ઉદ્દેશ'ના અંકોમાં સુન્દરમ્, મકરન્દ દવે, હરિવલ્લભ ભાયાણી, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, ઉશનસ્, જયન્ત પાઠક, લાભશંકર ઠાકર, ચંદ્રકાન્ત ટોપીવાળા, રાધેશ્યામ શર્મા વગેરે જેવા સર્જકો-વિવેચકોની સાથે જ યુવાનો અને નવોદિતોની સાહિત્યકૃતિઓ પણ પ્રગટ થતી રહી છે. એમ પણ કહી શકાય કે ઘડાયેલી કલમોની સાથોસાથ જ ઊગતી પ્રતિભાઓને પણ 'ઉદ્દેશ'માં પૂરી મોકળાશ મળી છે. વળી, કવિતા, નવલિકા, નાટક, નિબંધ, સંસ્મરણ, વિવેચન વગેરે જેવા સાહિત્યના લગભગ બધા જ પ્રકારોને આ માસિકમાં સ્થાન મળ્યું છે. 'ઉદ્દેશ'ના ઊઘડતે પાને કશાક વિચારસ્ફુલિંગો પ્રગટાવતા ટૂંકા તંત્રીલેખો પણ એટલા જ ધ્યાનપાત્ર બન્યા છે.

રમણલાલે દોઢ દાયકાથીયે વધુ સમય સુધી એકલે હાથે સાતત્યપૂર્વક 'ઉદ્દેશ' પ્રગટ કર્યું અને મૃત્યુ પર્યંત તેઓ એની સાથે જોડાયેલા રહ્યા. ૧૦મી સપ્ટેમ્બરે એમનું અવસાન થયું અને ૧૫મી સપ્ટેમ્બરે એમની તંત્રીનોંધ સાથે, એમના દ્વારા જ તૈયાર થયેલો 'ઉદ્દેશ'નો અંક પ્રગટ થયો હતો, એમાંથી એ વાતની ગવાહી મળી શકે છે. મતલબ કે અંતિમ શ્વાસ સુધી 'ઉદ્દેશ' સાથેનો એમનો અનુબંધ અકબંધ રહ્યો હતો. રમણલાલના દેહાવસાન પછી પણ, એમના માનસસંતાન સમું 'ઉદ્દેશ' ચાલતું રહેવું જોઈએ એવો સૂર અનેક સાહિત્યકારોએ વ્યક્ત કર્યો છે; અલબત્ત, પિતાથીયે વિશેષ નિસબતપૂર્વક પ્રબોધ ર. જોશી 'ઉદ્દેશ'ને નિરંતર પ્રગટ કરતા રહ્યા છે, બલ્કે એનાં આંતર-બાહ્ય કલેવરમાં આમૂલ પરિવર્તન આણીને

એમણે ‘ઉદ્દેશ’ને વધુ સમૃદ્ધ અને સોહામણું કર્યું છે. નવા નીખાર સાથે અને નિયમિત રીતે પ્રગટ થતા ‘ઉદ્દેશ’થી એના આદ્યતંત્રીનો આત્મા કેવો પ્રસન્ન થતો હશે! ‘ઉદ્દેશ’ એમ, ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વને રમણલાલ જોશી થકી થયેલી ઉત્તમ ઉપલબ્ધિ છે.

રમણલાલ જોશીની વિદ્યોપાસના અને સાહિત્યસેવા આમ, સાતત્યપૂર્ણ રીતે ચાલતી રહેલી. એનાં સુફળરૂપે આપણા આ સમભાવશીલ સાહિત્યકાર દ્વારા ગુજરાતી વિવેચન-સંશોધન અને સંપાદનને તેમ સાહિત્યિક પત્રકારત્વને નોંધપાત્ર પ્રદાન થતું રહ્યું છે. એમના વિદ્યાકાર્યની સાહિત્યજગતમાં યથાવકાશ નોંધ પણ લેવાતી રહી છે. અનેક પુરસ્કારો-પારિતોષિકો કે ઍવૉર્ડ્ઝથી એમની સાહિત્યિક પ્રતિભાની કદર પણ કરવામાં આવી છે. એમના વિવેચનગ્રંથ ‘વિવેચનની પ્રક્રિયા’ને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો હતો; એમની સુદીર્ઘ સાહિત્યસેવાને અનુલક્ષીને ગુજરાત સાહિત્ય અકાદમીએ એમને ગૌરવ પુરસ્કાર આપીને નવાજ્યા હતા. તેમ જ તેઓ અનંતરાય રાવળ વિવેચન ઍવૉર્ડથી પુરસ્કૃત થયા હતા અને એમને ગુજરાત રાજ્ય સરકારનો પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો. એ રીતે રમણલાલ જોશીનો સાહિત્ય પુરુષાર્થ પ્રસંગોપાત પોંખાતો પણ રહ્યો છે.

રમણલાલ જોશી એમના આયુષ્યના ઉત્તરકાળમાં સ્વાભાવિક રીતે જ ધર્મ કે અધ્યાત્મ તરફ વિશેષ વળ્યા હતા. શ્રી અરવિંદ અને માતાજી પ્રેરિત અધ્યાત્મમાર્ગમાં તો એમને પહેલેથી આમે ય આસ્થા હતી જ, પછીથી પ્રેમપુરુષ કૃષ્ણ પ્રત્યે એમનો લગાવ વધ્યો હતો. ‘પ્રેમનું તત્ત્વ એ ભગવાન શ્રીકૃષ્ણનું તત્ત્વ છે અને પ્રેમાનુભવ દ્વારા જ જીવનની ચરિતાર્થતાનો અનુભવ થાય છે.’



(૨૨-૫-૧૯૯૪)

એવી એમની સ્પષ્ટ સમજ હતી. જીવન એમને 'શ્રીકૃષ્ણના એક પ્રેમી અને સંવેદનશીલ, સ્નેહાળ માણસ અને તેવા જ વિવેચક-સાહિત્યકાર' તરીકે ઓળખે એવું તેમણે ઈચ્છયું.

શબ્દલોકના અને અધ્યાત્મમાર્ગના આ યાત્રી ભર્યુંભાદર્યું જીવન જીવીને ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ આપણી વચ્ચેથી ચાલી નીકળ્યા; અલબત્ત, વિવેચન-સંશોધન-સંપાદનને નિમિત્તે થયેલું એમનું શબ્દકર્મ સદાય સ્મરણમાં રહેશે અને એમની ચેતનામાંથી પડઘાતો એમના આગવા-અલાયદા લહેકા સાથેનો ઉદ્‌ઘોષ પણ સતત સંભળાતો રહેશે –

'ઍલાવ, હું રમણલાલ જોશી...'

દર મહિનાની બે લેખે વર્ષની ૨૪ પુસ્તિકાઓ

છૂટક નકલ : રૂ. ૧૦

વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦ • આજીવન લવાજમ : રૂ. ૨૫૦૦

લવાજમનું વર્ષ : જાન્યુઆરીથી ડિસેમ્બર

લવાજમ રોકડા, મનીઑર્ડર અથવા ચેક/ડ્રાફ્ટથી
નીચેના સરનામે મોકલી શકાય છે :

પરિચય ટ્રસ્ટ
મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ,
નેતાજી સુભાષ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
ફોન : ૨૨૮૧ ૪૦૫૯ ફેક્સ : ૨૨૦૦ ૧૩૫૮
Email : parichaytrust@imagepublications.com

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.
૧૯૯-૧ ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ફોન : ૨૨૦૦ ૨૯૧, ૨૨૦૦ ૧૩૫૮
૧-૨, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૫૬ ૦૫૦૪, ૨૬૪૪ ૨૮૩૬
Email : info@imagepublications.com

વર્ષ ૫૧ : ૨૦૦૯ની
પરિચય પુસ્તિકાઓ

૧૨૦૧	પરિચય પુસ્તિકાનાં પચાસ વરસ	મહેશ દવે
૧૨૦૨	બંગાળનો બાઉલપંથ	માવજી કે. સાવલા
૧૨૦૩	ગુજરાતમિત્ર	સૂર્યકાન્ત શાહ
૧૨૦૪	હાજી મહમ્મદ અલારખિયા શિવજી	કિશોર વ્યાસ
૧૨૦૫	રમણલાલ જોશી	નીતિન વડગામા
૧૨૦૬	રાધા	જ્યોત્સ્ના તન્ના
	શ્રૃજન	હરેશ ધોળકિયા
	એમ. એસ. સબુલક્ષ્મી	બટુક દીવાનજી
	શેરબજારમાં નહીં પ્રવેશવામાં જોખમ	જયેશ ચિતલિયા
	અમર્ત્ય સેન	કે. કે. ખખ્ખર
	જનઆંદોલન-મહાગુજરાત	હરિહર ખંભોળજા
	દીર્ઘાયુ અને અમરત્વ	યશવન્ત મહેતા
	વન્ય પ્રાણીસૃષ્ટિ : રક્ષણ અને સંભાળ	આર. વાય. ગુપ્તે
	જયશંકર 'સુંદરી'	જયા મહેતા
	ઈસ્મત ચુગતાઈ	શરીફા વીજળીવાળા
	ભીષ્મપિતામહ	જિતેન્દ્ર દવે
	જિનેટિક્સ	પ્રો. બી. સી. પટેલ
	શિવાંબુ	જગદીશ શાહ
	સંસ્કૃત પ્રણયકાવ્યો	ડૉ. નીના ભાવનગરી
	ગોયા	અમિતાભ મડિયા
	પર્યાવરણ પરિચય	ડૉ. કે. ટી. મહેતા
	રેમ્બ્રા	અમિતાભ મડિયા
	નકલી દાંતની દુનિયા	ડૉ. માનેક પટેલ
	બાબા આમટે	જયા મહેતા



નીતિન રવજીભાઈ વડગામાનો જન્મ ૧૦મી ડિસેમ્બર, ૧૯૫૮ના રોજ રાજકોટ જિલ્લાના રવાપર (નદી) ગામે થયો હતો. ૧૯૮૨માં એમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષયમાં એમ.એ. કર્યું અને એમ.એ.માં પ્રથમ વર્ગ સાથે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈને બ્રોકર સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો. 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતામાં કલ્પન' વિષય પર સંશોધન કરીને, ૧૯૮૭માં એમણે પીએચ.ડી.ની પદવી મેળવી.

૧૯૮૨થી ૧૯૯૦ દરમિયાન દ્વારકા, કેશોદ અને ઊનાની કૉલેજોમાં ગુજરાતીના અધ્યાપક અને અધ્યક્ષ તરીકે ફરજ બજાવીને તેઓ ૧૯૯૦માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં રીડર તરીકે જોડાયા અને ૧૯૯૬થી એ જ વિભાગમાં સિનિયર પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે.

નીતિન વડગામા પચીસેક વર્ષથી કાવ્યસર્જન અને સાહિત્યવિવેચન કરે છે. 'અચરજ' નામનો એમનો કાવ્યસંગ્રહ પ્રગટ થયો છે. આ ઉપરાંત સંશોધન-સંપાદન-વિવેચનનાં એમનાં પચીસેક જેટલાં પુસ્તકો પ્રકાશિત થયાં છે તેમજ વિવિધ સાહિત્યિક સામયિકોમાં એમનાં કાવ્યો અને અભ્યાસલેખો પ્રગટ થતાં રહે છે. 'ઉમાશંકરની ગીતકવિતા' વિષયક એમના સંશોધન લેખને હરિઓમ આશ્રમ પ્રેરિત ભાઈકાકા ઈન્ટર યુનિવર્સિટીનો ૧૯૮૯ના વર્ષનો શ્રેષ્ઠ સંશોધન માટેનો ઍવોર્ડ મળ્યો હતો. આ ઉપરાંત એમના 'કલ્પન:વિભાવના અને વિનિયોગ' તથા 'કાવ્યચર્યા' વિવેચનગ્રંથોને ગુજરાત સાહિત્ય અકાદમીનાં પારિતોષિકો પણ મળ્યાં છે.

નીતિન વડગામા જન્મભૂમિ જૂથના 'ફૂલછાબ' દૈનિકની રવિવારીય પૂર્તિમાં, છેલ્લાં સત્તરેક વર્ષથી નિયમિત રીતે 'મધુશાલા' નામે ગઝલ-આસ્વાદની કટાર લખે છે. પાંચેક વર્ષથી જ્ઞાતિના માસિક 'વિશ્વકર્માવિશ્વ' તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સમાચાર પત્રિકા 'સાયુજ્ય'નું સંપાદન પણ કરે છે. કવિતાનું સર્જન-સંપાદન અને વિવેચન કરવામાં તેમજ સાહિત્યિક-સાંગીતિક કાર્યક્રમોનું સંચાલન કરવામાં પણ તેઓ વિશેષ રસ ધરાવે છે.

'તાંદુલ', ૧૯, સ્વાતિ સોસાયટી, આત્મીય કોલેજ પાછળ, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫. ફોન : (૦૨૮૧) ૨૫૭૨૧૭૨ (M) ૯૮૭૯૪ ૦૦૪૨૪



રમણલાલ જોશીનાં

કેટલાંક પુસ્તકો

પરિચય પુસ્તિકા એટલે...

- ૧૨૦૦થી પણ વિશેષ પ્રગટ થયેલી માહિતીસભર પુસ્તિકાઓ એટલે પરિચય ટ્રસ્ટનો ૫૦ વર્ષથી ચાલી આવતો જ્ઞાન-પ્રસારનો યજ્ઞ.
- પરિચય ટ્રસ્ટની પરિચય પુસ્તિકા જેવી પ્રવૃત્તિ ભારતની કોઈ પણ ભાષામાં હજી સુધી થઈ નથી.
- જુદા જુદા વિષય પર લખાયેલી એક વર્ષની ૨૪ પુસ્તિકાઓ.
- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય, કોઈ પણ ચિરંતન કે ધ્યાન ખેંચે એવી તત્કાલીન ઘટના પર કે કોઈ વિશિષ્ટ ઘટનાપુરુષ પર અધિકારી લેખકની કલમે લખાયેલી પુસ્તિકા.
- પરિચય પુસ્તિકા એટલે સ્વાસ્થ્ય, આહાર, વિજ્ઞાન, વ્યાપાર, સાહિત્ય, શિક્ષણ, રમતગમત, રાજકારણ, પ્રવાસ, ઉપરાંત વ્યક્તિ અને વિભૂતિઓની ચરિત્રરેખા... આમ વિષયવૈપુલ્ય અને વૈવિધ્ય.
- આવી પુસ્તિકાના કેન્દ્રમાં માહિતી હોય છે પણ કેવળ માહિતીનો અતિરેક નથી હોતો.
- પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ એટલે સીધી સરળ ભાષા - માહિતીથી જ્ઞાન તરફ જવાનો રાજમાર્ગ.
- શાળા-કોલેજના વિદ્યાર્થી, શિક્ષક, પ્રાધ્યાપક તેમજ સામાન્યજન અને પ્રૌઢશિક્ષણ તથા શિક્ષણસાતત્ય માટે પૂરેપૂરી અનિવાર્ય આ તરસને સંતોષે એવી પરબ.